RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 333 Dt. 17-06-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**





## ગુજરાતના પનોતા પુત્ર અને શહેરના વિકાસના સ્વપન દ્રષ્ટા

# વિજયભાઈ રૂપાણીને ભારે હૈયે અંતિમ વિદાય

# રાજકોટના કરૂણ આક્રંદે આકાશને રડાવ્યું

ગ્રીનલેન્ડ ચોકડીથી પ્રકાશ સોસાયટીના નિવાસસ્થાન અને પ્રગટેશ્વર મહાદેવથી નીકળેલ અંતિમ યાત્રામાં રાજકોટવાસીઓએ ઠેર- ઠેર 'વિજયભાઈ અમર રહો' ના નારાથી અર્પી હૃદયાંજલી





રાજકોટ, તા. ૧૬

રાજકોટ તથા ગુજરાતના પનોતા પુત્ર અને શહેરના વિકાસના સ્વપન દ્રષ્ટા વિજયભાઈ રૂપાણીની ચીર વિદાય હજુ પણ માનવામાં આવતી નથી. ત્યારે ગઈકાલે ભારે હૃદયથી તેઓને અંતિમ વિદાય આપવામાં આવી હતી. એટલું જ નહીં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાજકીય સન્માન સાથે વિદાય આપવામાં આવી. જ્યારે તેમનો નશ્વરદેહ રાજકોટ પહોંચ્યો તે સ્થાનથી લઈ તેમના નિવાસ સ્થાન સુધી લોકોએ ભારે હૃદય સાથે તેઓને ભાવાંજલિ અર્પણ કરી હતી અને ઠેર ઠેર ભારે જનમેદની પણ ઉમટી પડી હતી.

વિજય રૂપાણીની અંતિમ યાત્રામાં આ રાજકોટ ભાજપના તમામ નેતાઓ સહિત વિપક્ષના નેતાઓ પણ પહોંચ્યા છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં રાજકોટવાસીઓ તેમના લોક લાડીલા નેતાને અંતિમ વિદાય આપવા માટે પહોંચ્યા છે. વિજય રૂપાણીના આકસ્મિક મૃત્યુથી રાજકોટવાસીઓ ઘેરા આઘાતમાં છે અને સમગ્ર રાજકોટ શહેરમાં એક ગમગીની છવાઈ ગઈ છે. આજે રાજકોટના વિવિધ માર્ગો પરથી વિજય રૂપાણીની અંતિમ યાત્રા નીકળી હતી, એ સમયે સમગ્ર રાજકોટવાસીઓ તેમના અંતિમ દર્શન માટે ઉમટ્યા હતા. પોતાના માનીતા નેતાની અણધારી વિદાય છે રાજકોટવાસીઓ ઘેરા શોકમાં ડૂબ્યા છે અને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપતા જોવા મળ્યા હતા.

**સ્વ. વિજયભાઈના અંતિમ દર્શન સમયે કેન્દ્રીય ગૃહમંત્રી શાહ, મુખ્યમંત્રી પટેલ અને મંત્રી મંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો તથા સહકારી અગ્રણીઓએ અર્પી શ્રદ્ધાંજલિ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ મુસાફરી કરી રહ્યા હતા. આ ભયંકર પ્લેન ક્રેશમાં વિજય રૂપાણીનું નિધન થયું હતું. પ્લેન ક્રેશના ૭૦ કલાક પછી વિજય રૂપાણીનું ઉગઅ મેચ થયું હતું. ત્યારે આજે ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના આજે રાજકોટમાં રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. રૂપાણી પરિવારને પાર્થિવદેહ સોંપવામાં આવ્યો છે. હવે પરિવાર એરપોર્ટ માર્ગે રાજકોટ પહોંચ્યો છે. ત્યાં રાજકીય સન્માન સાથે અંતિમવિધિ કરવામાં આવશે. પાર્થિવ દેહ રાજકોટ હિરાસર એરપોર્ટ ખાતે પહોંચ્યો છે. પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા ગ્રીનલેન્ડ ચોકડી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા.

વિજય રૂપાણીનું પાર્થિવદેહ તેમના નિવાસસ્થાને પહોંચ્યો છે. પાર્થિવદેહ ઘરે પહોંચતા જ વિજયભાઈ અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા વિજયભાઈ તુમ્હારા નામ રહેગા, ભારત માતા કી જયના નારા ગુજ્યાં હતા. રાજ્યપાલ, CM ભૂપેન્દ્ર પટેલ અને અમિત શાહ સહિતના નેતાઓએ સ્વ વિજય રૂપાણીને પુષ્પાંજલિ અર્પી છે.


ગુજરાતના પૂર્વ ઈખ વિજય રૂપાણીને રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી ત્યારે ગ્રીનલેન્ડ ચોકડીથી અનેકવિધા રાજકીય આગેવાનો પણ હાજર રહ્યા હતા. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કર્ણાટકના ભૂતપૂર્વ વજુભાઇ વાળા, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા, સંગઠન મહામંત્રી રતનાકરજી, કેન્દ્રીયમંત્રી મનસુખભાઇ માંડવિયા, કેબીનેટ મંત્રી ઋષિકેશ પટેલ, ભાનુબેન બાબરિયા, કુંવરજીભાઇ બાવળિયા, મૂળુભાઇ બેરા, સાંસદ પરસોત્તમભાઇ રૂપાલા, રામભાઇ મોકરિયા, પૂનમબેન માડમ, રમેશભાઇ રૂપાપરા, ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, રમેશભાઇ ટીલાળા, દર્શિતાબેન શાહ, પૂર્વ મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ ચેરમેન ધનસુખભાઇ ભંડેરી, નીતિનભાઇ ભારદ્વાજ, રા.લો. સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા, ડેરી ચેરમેન ગોરધન ધામેલિયા, યાર્ડ ચેરમેન જયેશ બોઘરા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટ મેયર નયનાબેન પેઢડિયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા), સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિન મોલિયા, દંડક મનિષ રાળિયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ સરવૈયા, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલ, પૂર્વ શહેર પ્રમુખ કમલેશ મિરાણી, લાખાભાઇ સાગઠિયા, યુસુફભાઇ જુણેજા, પૂર્વ સાંસદ દેવજી ફતેપરા, પિયૂષ મહેતા, પૂર્વ મેયર અશોકભાઇ ડાંગર, જીતુભાઇ ભટ્ટ, ભાવિન કોઠારી, મહેશ ચૌહાણ, કોર્પોરેટર કેતન પટેલ, ચેતન સુરેજા, અશ્વિન પાંભર, કાશ્મિરાબેન નથવાણી, બિનાબેન આચાર્ય, પૂર્વ મેયર ડો. જયમીન ઉપાધ્યાય, બિલ્ડર રણજીતભાઇ વાઢેર ત્યારબાદ કોંગ્રેસના આગેવાનોએ પણ જિલ્લા પંચાયત ચોક ખાતે વિજયભાઇ રૂપાણીને શ્રધ્ધાંજલિ પાઠવી હતી. જેમાં ઇન્દ્રનિલ રાજ્યગુરૂ, ગાયત્રીબા વાઘેલા, વશરામ સાગઠિયા, અતુલભાઇ રાજાણી, સંજય લાખાણી, કૃષ્ણદત રાવલ, ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. કમલેશ જોશીપુરા, પૂર્વ પીવીસી કલ્પક ત્રિવેદી, ભરતભાઇ રામાનુજ, પૂર્વ ડે. મેયર ભરતભાઇ મકવાણા સહિતના રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા.

## મોટી સંખ્યામાં લોકો અંતિમ દર્શન માટે રહ્યા હાજર

વિજય રૂપાણીનો પાર્થિવ દેહ તેમના નિવાસ સ્થાને પહોંચ્યો છે. નિવાસ સ્થાને તેમના અંતિમ દર્શન માટે લોકોની ભીડ ઉમટી પડી છે. લોકોએ 'વિજયભાઈ અમર રહો' જેવા વિવિધ સુત્રોચ્ચાર કરી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. વિજય રૂપાણીને અંતિમ વિદાય આપવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટ પહોંચ્યા છે. તેઓ અંતિમ યાત્રામાં જોડાઈ રૂપાણીના પરિવારને સાંત્વના પાઠવશે. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ પણ હાજર છે. સ્વ. વિજયભાઈ રૂપાણીના નિવાસ સ્થાને પણ મોટી સંખ્યામાં લોકો શ્રદ્ધાંજલિ આપવા માટે ઉમટી પડ્યા હતા. ગુજરાતનાં સાંસદો, ધારાસભ્યો તથા ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતાઓ રાજકોટમાં અંતિમ દર્શન કરવા માટે આવ્યા હતા. વિજય રૂપાણીનો પાર્થિવ દેહ એરપોર્ટ પર નિવાસ સ્થાને લઈ જતાં સમયે રોડની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને ફૂલ વરસાવી પૂર્વ મુખ્યમંત્રીને અંતિમ વિદાય આપી હતી. પાર્થિવ દેહ શ્રી પૂજિત મેમોરિયલ ટ્રસ્ટ ખાતે પહોંચ્યો ત્યાં પણ મોટી સંખ્યામાં પણ લોકોએ શ્રદ્ધાંજલિ આપી હતી.

## સંપૂર્ણ રાજકીય સન્માન સાથે આપ્યું ગાર્ડ ઓફ ઓનર

સમગ્ર પોલીસ પરિવાર દ્વારા વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન અને અંતિમ યાત્રા માટે ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી એટલું જ નહીં પોલીસ પરિવાર દ્વારા તેઓને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું.







# રાજકોટમાં કોરોનાના સાત નવા કેસ સાથે કૂલ આંક ૧૭૨

## રિકવરીમાં વધારો થતાં આજ સુધીમાં ૧૧૪ દર્દી થયા સાજા : હોમઆઈસોલેટ કરેલા ૫૮ દર્દી સારવાર હેઠળ

રાજકોટ, તા. ૧૬

ગુજરાતમાં દિવસે દિવસે કોરોનાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજકોટમાં પણ કોરોનાના કેસ વધી રહ્યાં છે. તંત્ર પણ આ આંકડા પર અંકુશ લાવવા માટે મહેનત કરી રહ્યું છે. પણ હજુ પણ જે માર્ગદર્શિકા અંગે રાહ જોવામાં આવી રહી છે તે મુજબ હજુ સુધી આ મામલે કોઈ પ્રકાશ પાડવામાં આવ્યો નથી. ત્યારે શહેરમાં એક માસના કોરોનાના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વધુ ૭ નવા કેસ આવતા કુલ કેસનો આંકડો ૧૭૨ પર પહોંચ્યો છે. પરંતુ રિકવરીમાં સતત વધારો થતાં આજ સુધીમાં ૧૧૪ દર્દી સાજા થયા છે. અને હાલ હોમઆઈસોલેટ કરેલા ૫૮ દર્દી સારવાર હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.



શહેરમાં આજે કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૨૪ કલાકમાં વધુ ૭ નવા પોઝિટિવ કેસ આવતા કુલ કેસનો આંકડો ૧૭૨ પર પહંચ્યો છે. આજે આવેલા નવા કેસમાં વોર્ડ નં. ૯ કુવાડવા રોડ પુરુષ ઉ.વ. ૬૬ તથા યુનિવર્સિટી રોડ પુરુષ ઉ.વ. ૨૬, વોર્ડ નં. ૭ ઠક્કરબાપા વિસ્તાર મહિલા ઉ.વ. ૬૧, વોર્ડ નં. ૧૦ કાલાવડ રોડ મહિલા ઉ.વ. ૪૪ તથા પુષ્કરધામ રોડ મહિલા ઉ.વ. ૪૭, વોર્ડ નં. ૧૧ જીવરાજપાર્ક પુરુષ ઉ.વ. ૧૭, વોર્ડ નં. ૩ પરસાણા નગર મહિલા ઉ.વ. ૪૪ સહિત સાત નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગ દ્વારા નોંધાયેલા તમામ દર્દીને હોમઆઈસોલેટ કરી સારવાર આપવામાં આવી રહી છે. આજના કેસની ટ્રાવેલ્સ હિસ્ટ્રી ન હોવાનું તેમજ ઠક્કરબાપા વિસ્તારમાં આવેલ મહિલા ઉ.વ. ૬૧ને વેલ્ટીનેટર ઉપર રાખવામાં આવ્યા છે.

શહેરમાં કોરોનાનો પ્રથમ કેસ તા. ૧૯ મે ના રોજ આવેલ ત્યાર બાદ સતત કેસમાં વધારો જોવા મળ્યો હતો. એક સમયે ડબલ ડિઝિટમાં આવેલા કેસના વળતા પાણી થયા હોય તેમ આજે ફક્ત સાત કેસ નોંધાયા હતાં. જેના લીધે કેસનો કુલ આંકડો ૧૭૨ પર પહોંચ્યો છે. પરંતુ રિકવરી રેટમાં મોટો સુધારો નોંધાતા ફક્ત ૫૮ દર્દી સારવાર હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. છતાં શહેરીજનોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનો આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.



# ઝરમર વરસાદથી શહેરમાં ગરમીથી રાહત

## હવામાન વિભાગની આગાહી આ વર્ષે ચોમાસુ રહેશે સામાન્ય

રાજકોટ, તા. ૧૬

ગઈકાલના આગલા દિવસથી જ જાણે વરસાદે એટલે કે ચોમાસુએ રાબેતા મુજબ આગમન કર્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું અને લોકો જે અસહ્ય બફારા મા શેકાતા હતા તેમાંથી પણ તેઓને રાહત મળી હોવાનું માલુમ પડ્યું છે ગઈકાલ સવારથી જ સૂર્યનારાયણ દેવના દર્શન થઈ શક્યા ન હતા અને સમગ્ર દિવસ વાદળછાયું વાતાવરણ જ જોવા મળ્યું હતું ત્યારે સવારના સમયમાં જરમર વરસાદના છાંટા વરસ્યા હતા. હાલા તમામ બાબતોને ધ્યાને લઈ અત્યારે રાજકોટના લોકોને ઘણો ખરો ફાયદો થયો છે કારણ કે જે ઉકળતો ચરૂ હોય તેવી ગરમી નો સામનો લોકોએ કરવો પડતો હતો જે હવે નહીં કરવો પડે અને ઠંડકની અનુભૂતિ થશે.

હવામાન વિભાગ દ્વારા હાલ આગાહી કરવામાં આવી છે જેને ધ્યાને લઈને આગામી દિવસોમાં રાજકોટ શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળે તો નવાઈ નહીં. હાલના સમયમાં હાલ જે વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે તેનાથી લોકોને ઘણી-ખરી રાહત તો મળી છે પરંતુ જે વરસાદ વરસવો જોઈએ તે વરસ્યો નથી ત્યારે આગામી દિવસોમાં હવામાન વિભાગ દ્વારા જ આગાહી કરવામાં આવી છે તે મુજબ આ વખતે પણ ચોમાસું સામાન્ય રહે તેવી આગાહી કરાઈ છે.

રાજકોટ શહેરમાં ગઈકાલ સવારથી વાદળીયા વાતાવરણમાં ઉકળાટ ગરમીમાંથી રાહત મળતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો છે. વહેલી સવારથી સૂર્યોદય બાદ સૂર્ય દેવ વાદળોમાં ઢંકાયેલા રહ્યા હતા. સવારથી જ વાદળીયા વાતાવરણમાં હળવા વરસાદ બાદ બપોર સુધી અમુક વિસ્તારોમાં હળવો ભારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૯.૪ ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૬ કિ.મી. નોંધાઈ હતી. હવામાં ભેજના વધારા સાથે હળવો વરસાદ વરસતા શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. શનિવારે રાજકોટમાં ગાજવીજ સાથે બે ઈંચથી વધુ વરસાદ વરસ્યા બાદ ગઈકાલે રવિવારે વિરામ રહ્યા બાદ આજે સવારથી જ ફરી વાદળછાયા વાતાવરણમાં હળવો વરસાદ વરસતા શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી છે.

# મચ્છરોનો ઉપદ્રવ વધતા ટાઈફોડના ૧૦ કેસ

## ડેંગ્યુ-૨, ટાઈફોડ-૨, કમળો-૪ તથા શરદી-તાવ, ઉધરસના ૧૬૫૧ અને ઝાડા-ઉલ્ટીના વધુ ૨૦૮ કેસ નોંધાયા

રાજકોટ, તા. ૧૬

વરસાદી ભેજનું પ્રમાણવધતા મચ્છરોનો ઉપદ્રવ ફરી વધ્યો છે. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વે દરમિયાન જાહેર કરેલા રોગચાળાના આંકડામાં ડેંગ્યુ-૨, ટાઈફોડ-૨, કમળો-૪ તથા શરદી-તાવ, ઉધરસના ૧૬૫૧ અને ઝાડા-ઉલ્ટીના વધુ ૨૦૮ કેસ નોંધાતા રહેણાક તેમજ કોમર્શીયલ એકમોમાં ચેકીંગ હાથ ધરી મચ્છર ઉત્તપતિ સબબ ૪૧૪ આસામીઓને નોટીસ ફટકારવામાં આવી હતી.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે.



તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.


મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૮૦ અને કોર્મશીયલ ૩૩૪ આસામીને નોટીસ આપવામાં આવેલ છે. મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્યતંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

# સરકારે ૨૦૨૭ની વસ્તી ગણતરીની કરી જાહેરાત

## ૨૦૧૧ પછી દેશની આ પહેલી વસ્તી ગણતરી હશે : વસ્તી ગણતરીનું કામ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે

નવીદિલ્હી, તા. ૧૬

ભારત સરકારે સોમવારે ૨૦૨૭ ની વસ્તી ગણતરી જાહેર કરી છે. આ સાથે વસ્તી ગણતરી પ્રક્રિયા હવે સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. ૨૦૧૧ પછી દેશની આ પહેલી વસ્તી ગણતરી હશે. વસ્તી ગણતરીનું કામ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. પહેલો તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના બરફથી ઢંકાયેલા વિસ્તારો માટે શરૂ થશે. દેશના બાકીના ભાગો માટે બીજો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ થી શરૂ થશે. વસ્તી ગણતરી કરાવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ આધારે, ચૂંટણી મતવિસ્તાર બનાવવામાં આવે છે અને જઈ અને જઝ શ્રેણીઓ માટે બેઠકો અનામત રાખવામાં આવે છે. શિક્ષણથી લઈને ગ્રામીણ વિકાસ સુધીના મંત્રાલયો શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને માળખાગત પ્રોજેક્ટ્સ શોધવા માટે વસ્તી ગણતરીના ડેટાનો ઉપયોગ કરે છે. બંધારણના અનુચ્છેદ ૮૨ માં તાજેતરની વસ્તી ગણતરીના આધારે મતવિસ્તારોનું સીમાંકન ફરજિયાત છે. કલમ



૩૩૦ અને ૩૩૨, એસસી અને એસટી માટે તેમની વસ્તીના પ્રમાણના આધારે વિધાનસભાઓમાં બેઠકો અનામત રાખે છે.

આ પ્રક્રિયા પણ બે તબક્કામાં પૂર્ણ થાય છે. સૌપ્રથમ, ઘરોની યાદી બનાવવી અને પછી ઘરની વસ્તી ગણતરી અને પછી બીજો તબક્કો વસ્તી ગણતરી છે. આ તબક્કાઓ વચ્ચે ઘણા મહિનાઓનો અંતર હોય છે. વસ્તી ગણતરી પૂર્ણ કરવા માટે લગભગ ૩ મિલિયન વસ્તી ગણતરી કરનારાઓની જરૂર પડશે. તેમાં મોટાભાગે શાળાના શિક્ષકોને તૈનાત કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ ઉપરાંત, જિલ્લા અને ઉપ-જિલ્લા સ્તરે લગભગ ૧,૨૦,૦૦૦ કામદારો છે. તેઓ વસ્તી ગણતરીના કાર્યનું સંચાલન, દેખરેખ અથવા સહાય કરે છે.

ઘરની યાદી બનાવવાના તબક્કામાં દેશના દરેક માળખાની મુલાકાત લઈને ઈમારતો અને મકાનોની લાક્ષણિકતાઓ રેકોર્ડ કરવાનો સમાવેશ થાય છે. ગણતરીકાર ઘરના વડા, સભ્યોની સંખ્યા, તેના બાંધકામમાં વપરાતી સામગ્રી, રૂમની સંખ્યા, પાણી અને વીજળીનો સ્ત્રોત, રસોઈ માટે વપરાતું બળતણ અને ટીવી, ફોન, વાહન વગેરે જેવી સંપત્તિઓની ઉપલબ્ધતા વિશે ડેટા એકત્રિત કરે છે.

આ આવાસ ગણતરી પછીનો તબક્કો છે. આમાં, વ્યક્તિગત ડેટા એકત્રિત કરવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આમાં, નામ, ઉંમર, લિંગ, જન્મ તારીખ, ઘરના વડા, વૈવાહિક સ્થિતિ, શિક્ષણ, ધર્મ, જાતિ, અપંગતાની સ્થિતિ વિશે ડેટા એકત્રિત કરવામાં આવે છે. ૨૦૨૭ની વસ્તી ગણતરી ભારતના ઇતિહાસમાં પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે. આમાં મોબાઈલ એપ અને રીઅલ ટાઈમ મોનિટરિંગનો ઉપયોગ કરવામાં આવશે. ૧૯૩૧ પછી આ પહેલી વસ્તી ગણતરી છે જેમાં તમામ સમુદાયો માટે જાતિનો ડેટા એકત્રિત કરવામાં આવશે.

### વસ્તી ગણતરીનો છેલ્લો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે

વસ્તી ગણતરીનો છેલ્લો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭ થી શરૂ થશે અને ૦૧ માર્ચ ૨૦૨૭ (સંદર્ભ તારીખ) સુધીમાં પૂર્ણ થશે. હવે સત્તાવાર સૂચના જાહેર થતાં જ, વિવિધ એજન્સીઓ પોતાનું કામ શરૂ કરશે. આ પ્રક્રિયામાં સ્ટાફને તાલીમ આપવી, લોકોના ઘરે જઈને ડેટા એકત્રિત કરવો, ફોર્મેટ બનાવવા, સ્ટાફ સોંપવા વગેરેનો સમાવેશ થાય છે. વસ્તી ગણતરીનો છેલ્લો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે. માહિતી અનુસાર, સમગ્ર પ્રક્રિયા ડિજિટલ રીતે પૂર્ણ કરવામાં આવશે.

### દર ૧૦ વર્ષે થાય છે વસ્તી ગણતરી

ભારતમાં દર દસ વર્ષે એક વાર વસ્તી ગણતરી કરવામાં આવે છે. તેનો હેતુ દેશની વસ્તી, સામાજિક અને આર્થિક સ્થિતિ અને અન્ય મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવાનો છે જેથી સરકાર નીતિઓ બનાવવામાં અને યોજનાઓ નક્કી કરવામાં યોગ્ય નિર્ણયો લઈ શકે.વસ્તી ગણતરી હાથ ધરવાની જવાબદારી ગૃહ મંત્રાલય હેઠળના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનરની કચેરીની છે. આ કામ માટે મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ તૈનાત છે. તેઓ દરેક ઘરે જાય છે અને લોકો પાસેથી માહિતી એકત્રિત કરે છે.

# તલગાજરડામાં મેઘકહેર: વિદ્યાર્થીઓનું રેસક્યુ

## ગામની અંદર પાંચથી ૬ ફુટ જેટલા પાણી ભરાયા : ધોધમાર વરસાદને કારણે જનજીવન પ્રભાવિત

રાજકોટ, તા. ૧૬

તલગાજરડામાં બેર મેઘ ખાંગા જેવી સ્થિતિ નિર્માણ પામી છે. ગામમાં એકસામટો ૯ ઈંચ વરસાદ ખાબકી જતા બેટમાં ફેરવાઈ ગયુ છે. ગામમાં જ્યાં જુઓ ત્યા સ્થળ ત્યાં જળની સ્થિતિ જોવા મળી રહી છે. ગામની અંદર પાંચથી ૬ ફુટ જેટલા પાણી ભરાયા છે. પૂરના આ પાણીમાં ગામની પ્રાથમિક શાળાના ૪૦ થી ૫૦ બાળકો કલાકો સુધી ફસાયા હતા. આ બાળકોને હાલ ભારે જહેમત બાદ રેસક્યુ કરવામાં આવ્યા છે. ફાયર બ્રિગેડની ટીમે તમામ વિદ્યાર્થીઓના રેસક્યુની કામગીરી હાથ ધરી હતી. ભારે વરસાદને પગલે તંત્ર પણ સતત ગામ પર નજર રાખી રહ્યુ છે. જઉખ, મામલતદાર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે. ધોધમાર વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયુ છે. ગામ બેટમાં ફેરવાતા સંપર્ક વિહોણુ બન્યુ છે.

મહુવા તાલુકા અને આસપાસના



ગામોમાં મેઘરાજાએ શરૂઆતમાં જ તોફાની બેટીંગ કરતા ઠેર ઠેર પૂરની સ્થિત સર્જાઈ છે. તલગાજરડા ગામમાં ૪ કલાકમાં જ ધમધોકાર ૯ ઈંચ વરસાદ ખાબકી જતા ચોતરફ માત્ર પાણી જ પાણી જોવા મળી રહ્યુ છે. હાલ થોડુ પાણી ઉતરતા ગામના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. તલગાજરડામાં ઉપરવાસમાં નદીનો કોઝવે તૂટી જતા ગામ આખુ બેટમાં ફેરવાઈ જતા અનેક લોકોનું રેસક્યુ કરી તેમને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ભારે વરસાદને કારણે કોઝવે પર પાણીનો પ્રવાહ એટલો ધસમસતો હતો કે બાળકો તેમાંથી પસાર થઈ શક્યા નહિ અને વચ્ચે જ ફસાઈ ગયા. હાલ આશરે ૪૦ બાળકો ધસમસતા પ્રવાહ વચ્ચે ફસાયા હોવાના અહેવાલ મળ્યા હતા. ભાવનગર શહેર અને જિલ્લામાં બે સ્થળે વિજળી પડી હતી જેમાં ભાવનગરના જવાહર મેદાન અને ઘોઘા તાલુકાના કરેળા ગામે વિજળી પડવાનો બનાવ બન્યો છે. કરેળા ગામમાં હિરાના કારખાનામાં વિજળી પડતા મહિલા અને જવાહર મેદાનમાં વિજળી પડતા પાંચ વ્યકિતઓને ઈજા પહોંચી હતી. જેમાં હાલ બે વ્યકિતઓ સારવાર હેઠળ છે અને ત્રણ વ્યકિતઓને રજા આપવામાં આવી છે.



### મિત્રતા, ફ્રેન્ડશીપ, પ્રેમના નામે ખેલાતા હવસખોરીના ખેલઃ વધુ બે ચોંકાવનારા કિસ્સા

# સોળ વર્ષની બાળાને ફોસલાવી વારંવાર બળાત્કાર

## વોટર પ્રુફીંગનું કામ કરવા આવેલા ઘરે આવેલા કારીગરે ફોન નંબર આપી બાળાને ફસાવીઃ પોલીસે ઝડપી લેવા કાર્યવાહી કરી

રાજકોટ તા. ૧૫

અલગ અલગ પ્રકારના કારસા રચી સગીરાઓને મિત્રતા, પ્રેમના નામે ફસાવી દૂષ્કર્મ આચરવાની ઘટનાઓ અટકતી જ નથી. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં સોળ વર્ષની બાળાને ઓગણીસ વર્ષના શખ્સે પ્રેમજાળમાં ફસાવી વારંવાર બળજબરી આચરી દેહ પીંખી નાંખ્યો હતો. પોલીસે આ શખ્સની ધરપકડ કરી છે. બીજા એક બનાવમાં ઘર પાસે રમી રહેલી દસ વર્ષની બાળકીને ચાલીસ વર્ષના ઢગાએ ડબ્બો ઉતારી દેવાના બહાને ઘરમાં બોલાવી તેની લેંઘી ઉતારી બિભત્સ અડપલા કર્યા હતાં. પોલીસે આ ઢગાને દબોચીને હવસખોરી ઉતારી નાંખી હતી.

પંદર વર્ષની બાળાને મિત્રતાની જાળમાં ફસાવી પછી પ્રેમનો ખેલ ખેલી વિધર્મી ઢગો ભગાડી ગયો હતો. આ બનાવમાં પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા ઓગણીસ વર્ષીય યુવકે સોળ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવીને વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. ગોરવા પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી છે અને સગીરાનુ મેડિકલ કરવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપીનું નામ કૌશિક ગરાસિયા છે અને તે ઓગણીસ વર્ષનો છે. તેણે સોળ વર્ષીય સગીરાના ઘર પાસે વોટર પ્રુફિંગનું કામ કરવા માટે ગયો હતો ત્યારે તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ તે અવારનવાર સગીરાને મળવા માટે જતો હતો. આ દરમિયાન બંનેએ એકબીજાના મોબાઈલ નંબર પણ લઈ લીધા હતા. સગીરા યુવક સાથે ફોન કરી વાતો કરતી હતી.

આગળ જતાં યુવકે સગીરાને ત્રણથી ચાર વખત ગોરવા વિસ્તારમાં એકાંત જગ્યા પર મળવા માટે બોલાવી હતી અને ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું. એક દિવસ કૌશિક ગરાસીયાએ સગીરાને મળવા માટે બોલાવી હતી અને તેના પર દુષ્કર્મ આચર્યુ હતું. આ દરમિયાન સગીરાને ઘરે પહોંચવામાં મોડું થઈ ગયું હતું, જેથી તેના પરિવારના સભ્યોએ સગીરાની શોધખોળ શરૂ કરી હતી. મોડી રાતે સગીરા મળી આવતા પરિવારના સભ્યોએ તેની પૂછપરછ કરી હતી ત્યારે સગીરાએ કૌશિક ગરાસિયા તેને મળવાના બહાને બોલાવ્યા બાદ તેની સાથે



બીજી ઘટનામાં ૪૦ વર્ષનો ઢગો ભાન ભુલ્યોઃ ૧૦ વર્ષની બાળાને ઘરમાં બોલાવી વિકૃત હરકતો કરીઃ પોલીસે હવસખોરી ઉતારી

ત્રણથી ચાર વાર દુષ્કર્મ ગુજાર્યું હોવાની વાત કરી હતી. સગીરાના પરિવારે ગોરવા પોલીસ સ્ટેશનમાં કૌશિક ગરાસિયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેથી ગોરવા પોલીસે આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો અને પોલીસ દ્વારા સગીરાનુ મેડિકલ કરાવવાની દિશામાં કાર્યવાહી પણ શરૂ કરી છે.

બીજા કિસ્સામાં એક વિકૃત એવા ચાલીસ વર્ષના ઢગાએ માત્ર દસ વર્ષની બાળા પર નજર બગાડી હતી. ઘર પાસે રહેલી બાળકની ઢગાએ પોતાના ઘરમાં કબાટ પર ચઢીને ડબ્બો ઉતારી દેવાના બહાને બોલાવી હતી પછી ગંદી હરકતો કરી હતી. આ ઘટના અંકલેશ્વરના એક ગામમાં બની છે. દસ વર્ષીય સગીરા જોડે પાડોશી દ્વારા શારીરિક અડપલાંકર્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રમતા રમતા ઘર પાસે આવેલ પાડોશી દિકરી ને અલમારી પર ચઢાવી ડબ્બો ઉતારવા કહ્યું હતું. સગીરાએ ડબ્બો ઉતારી આપ્યો પણ પાડોશી ચાલીસ વર્ષીય નરાધમે આ બાળાની લેંઘી ઉતારીને પાછળ અડપલાં કર્યા હતા.

વધુ માહિતી અનુસાર અંકલેશ્વર જીઆઈડીસીને અડીને આવેલા એક ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સોસાયટીમાંએક દસ વર્ષીય સગીરા તેના ભાઈ બહેન જોડે રમી રહી હતી. તે દરમિયાન પાડોશીના ઘરમાં ગયેલ ભાઈ અંકલ બહાર મોકલો કહેતા અંદર પોપટ જોવા લઇ જવાનું કહી ડબ્બો ઉતારવા કહ્યું હતું. ભાઈ નહીં જતા સગીરા ત્યાં ગઈ હતી. અને કબાટ ઉપર સગીરાને ચઢાવી ડબ્બો પડાવ્યો હતો. જે ડબ્બો પાડી લીધા બાદ સગીરા ત્યાં લટકી હતી તે દરમિયાન તેને ઉતારવાનું કહેતા માનસિક વિકૃત પાડોશીરમેશ તિવારી સગીરાને નીચે ઉતારી ન હતી અને અચાનક જસગીરાની લેંઘી ઉતારી દીધી હતી.

ત્યારબાદ પાછળ શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો જો કે સગીરાએ ના કહેતા ગભરાયેલ શખ્સે બાળાને નીચે ઉતારી હતી ને કોઈ નેના કહેવા કહ્યું હતું. દરમિયાન બાળા રમેશ તિવારી ધક્કો મારી દરવાજો ખોલી બહાર દોડી આવી હતી અને સમગ્ર વાત પોતાની માતાને કહેતા માતાએ તેના પિતાને ફોન કરી જાણ કરી હતી જે બાદ આ અંગે અંકલેશ્વર રૂરલપોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના સમયમાં માનસિક વિકૃત પાડોશી રમેશ ચિગાસન તિવારી ને ઝડપી પાડ્યો હતો અને હવસખોરીનું ભૂત ઉતારી નાંખ્યું હતું.




# આજ સાંજથી વિસાવદર-કડીમાં ચૂંટણી પ્રચાર પ્રતિબંધિત

## વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચની સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનું સુચારૂ પાલન થાય તે માટેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાઈ

રાજકોટ, તા. ૧૬

મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ યોજવા ભારતનું ચૂંટણી પંચ અને રાજ્યનું ચૂંટણી તંત્ર પ્રતિબદ્ધ છે ત્યારે તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ યોજાનાર ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચની સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનું સુચારૂ પાલન થાય તે માટેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. મતદાનની પ્રક્રિયા મતદારો માટે સુખદ અનુભવ બની રહે તે માટે ગુજરાતનું ચૂંટણી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૬ અંતર્ગત ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મત વિસ્તારમાં તા. ૧૭ જૂન, ૨૦૨૫ના રોજ સાંજે ૫ કલાકથી એટલે કે મતદાન પૂર્ણ થવાના કલાક પૂર્વેના છેલ્લા ૪૮ કલાક દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ રહેશે. જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા, પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જે તે મત વિભાગ છોડીને જતા રહે તેની ચૂંટણી તંત્ર તથા પોલીસ વહીવટી તંત્ર દ્વારા ખાતરી કરવામાં આવશે. આ સમયગાળામાં પ્રચાર-પ્રસાર પર પ્રતિબંધ ઉપરાંત કલ્યાણ મંડપો, સામુદાયિક હોલ, સમાજની વાડીઓ વગેરે મકાનની હદમાં, હોસ્ટેલ્સ તથા ધર્મશાળાઓમાં બંને મતવિસ્તાર સિવાયની બહારની વ્યક્તિઓ ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

# વિમાન દુર્ઘટનાના ઈજાગ્રસ્તોની ખબર પુછતા CM

## રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી કામગીરીની કરી સમીક્ષા : DNA નમૂના મેપિંગની પ્રક્રિયા તથા ઈજાગ્રસ્તોને ઝડપી રાહત અને પીડિતો તથા તેમના પરિવારોને જરૂરી સહાય સુનિશ્ચિત કરવા નિર્દેશો






રાજકોટ, તા. ૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રીએ મંત્રીઓ તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં.

અમદાવાદ ખાતે ગત તા. ૧૨ જૂનના રોજ થયેલી વિમાન દુર્ઘટના બાદ આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સતત ખડેપગે રહીને ઈજાગ્રસ્તોને સારવાર આપવાની તેમજ હતભાગીઓના ડીએનએ મેપિંગથી માંડીને તેમના નશ્વર દેહ પરિજનોને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ હોસ્પિટલના ઉ૨ બ્લોક ખાતે કાર્યાન્વિત કરાયેલા વેરિફિકેશન રૂમની મુલાકાત લીધી હતી તેમજ સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનોને સાંત્વના પાઠવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ DNA નમૂના મેપિંગની સમગ્ર પ્રક્રિયા અને તેની બારીકીઓથી માહિતગાર થયા હતા અને અધિકારીઓને ઈજાગ્રસ્તોને ઝડપી રાહત, સંપૂર્ણ તપાસ અને પીડિતો તથા તેમના પરિવારોને વ્યાપક સહાય સુનિશ્ચિત કરવા જરૂરી નિર્દેશો આપ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીએ રાજ્યના મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી. જ્યાં તેમણે તમામ ઈજાગ્રસ્તોને આવશ્યક તમામ સેવાઓ અને હતભાગીઓના પરિવારજનોને તમામ પ્રકારની સહાય પૂરી પાડવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ સમયે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, રાજ્ય પોલીસવડા વિકાસ સહાય, સચિવઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો, સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ સહિત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લેભાગુઓ ઠેકઠકાણે વસવાટ કરતાં હોય છેઃ આવા શૈતાનોથી દિકરીઓ તો ઠીક, દિકરાઓને પણ બચાવજો

# વિકૃત ઢગાનું માસુમ બાળક સાથે વારંવાર સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય

## બાળકે પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતાં સારવાર માટે લઈ જવાતાં ઢગાનો ભાંડો ફુટ્યોઃ અવાર-નવાર ધાબે લઈ જઈ બળજબરી આચરતો હતો

રાજકોટ તા. ૧૬

રાજયભરમાં હવસખોરી, વિકૃતી, છેડતી, પજવણીના કિસ્સાઓ રોજીંદા થઇ ગયા છે. રોજ ઉઠીને કોઇને કોઇ ગામ કે શહેરમાંથી એવા સમાચાર સામે આવતા રહે છે કે આજે ફલાણી બાળાને ફલાણો ભગાડી ગયો અને બળાત્કાર ગુજાર્યો. વિકૃતતાની હદ ત્યાં આવી જાય છે બાળાઓ, યુવતિઓ, પરિણીતાઓ તો ઠીક અમુક શૈતાનો માસુમ બાળકોને પણ છોડતા નથી. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક બાળકને હવસોખોરે હેવાનીતયનો શિકાર બનાવી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરી લઇ માથે જતાં મારી નાખવાની ધમકી આપી છે. ભોગ બનેલા બાળકે પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતાં અને પાછળ પણ દુઃખે છે તેવી વાત કરતાં પરિવારજનો ડોક્ટર પાસે લઇ જતાં તેની સાથે કંઇક ન થવાનું થયાનું જણાતાં તેને ફોસલાવીને વિશ્વાસમાં લઇને પૃછા કરતાં પોતાની સાથે જે બન્યું તેની જાણ કરી હતી. બીજી એક હવસખોરીની ઘટનામાં લગ્નની લાલચ દઇ ડિઝાઇનર યુવતિને પરણેલા ઢગાએ ફસાવી બળાત્કાર ગુજાર્યો હતો.

પ્રથમ ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટના જોઇએ તો બનાવ અમદાવાદના ખોખરાનો છે. ખોખરામાં રહેતા એક સગીરને છેલ્લા કેટલાય દિવસથી પેટમાં દુખાવાની તકલીફ હોઈ પરિવારે તેની દવા કરાવી હતી. જો કે તેમ છતાં તેની તબિયતમાં સુધારો થતો નહતો. દરમિયાન પરિવારે સગીરને વિશ્વાસમાં લઈને પુછપરછ કરતા સગીર ભાંગી પડયો હતો અને કહ્યુ હતુ કે તેને પાડોશમાં રહેતો યુવક ધાબા પર લઈ જઈ ધમકી આપીને સૃષ્ટિ વિરુદ્ધનુ કૃત્ય આચરતો હતો. આ મામલે સગીરની માતાએ પચ્ચીસ વર્ષીય પાડોશી યુવક સામે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીને સંતાનમાં બે દિકરા છે. તેણીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેના એક સગીર દીકરાને થોડા દિવસો અગાઉ પેટમાં દુઃખાવો થયો હતો. નજીકમાં આવેલા ડોક્ટરની તથા મેડીકલ સ્ટોર પરથી દવા લઈને સારવાર કરાવી હતી. છતાં સગીર દીકરાની તબિયતમાં કોઈ સુધારો આવ્યો નહોતો. આ



બીજા બનાવમાં પરણેલા શખ્સે કુંવારી યુવતિને લગ્નના નામે ફસાવી દેહ પીંખ્યો, પછી તરછોડી દીધી

દરમિયાન સાંજના સમયે સગીર તેના ફલેટના ધાબે રમવા માટે ગયો હતો. અચાનક પેટમાં દુઃખાવો થતા દીકરો રડતો રડતો તેની માતા પાસે આવ્યો હતો, માતાએ સાંત્વના આપીને ચુપ કરાવ્યો અને સગીરને પૂછતા તેને જણાવ્યું કે આજથી પંદરેક દિવસ અગાઉ પાડોશમાં રહેતો યશ તેને ધાબે લઇ ગયો અને મારી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ પ્રકારે બે થી ત્રણ વખત મારી જોડે ખરાબ કામ કર્યું હતું. અને જો કોઈને કહીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપતો હોવાથી સગીર ગભરાઈ જતા ચુપકીદી સેવી હતી. દીકરાને તેના લીધે શરીરના અંગત ભાગોમાં અસહ્ય દુઃખાવો થતો રહેતો હતો. માતાએ પાડોશમાં રહેતા યશ ભાવેશભાઈ પટેલ સામે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ છે.

દૂષ્કર્મમની બીજી ઘટના પણ અમદાવાદની છે. અગાઉ સાથે કામ કરતા મેનેજર પુરૂષ સામે લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ ડિઝાઇનર યુવતિએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. સત્યાવીસ વર્ષીય યુવતી ડિઝાઈનર તરીકે એક ખાનગી કંપનીમાં ડિઝાઈનર તરીકે નોકરી કરતી હતી ત્યારે મેનેજર તરીકે કામ કરતા સંજય સાથે સહકર્મચારી તરીકે મિત્રતાનો સબંધ બંધાયો હતો. આ દરમિયાન યુવતીના પરિવારજનોએ તેની એક યુવક સાથે લગ્ન કરવાનું નકકી કર્યુ હતુ. જો કે થોડા સમય બાદ યુવતીને તેના મંગેતર યુવકનો સ્વભાવ પસંદ નહોઈ તેણી નિરાશ રહેતી હતી.

એક દિવસ યુવતી ગુમસુમ બેઠી હતી ત્યારે સંજયે તેની પરેશાનીનુ કારણ પુછયુ હતુ અને તેને માનસિક શાંતિ માટે ખોખરાની એક હોટલમાં લઈ જવાનુ કહ્યું હતું. બાદમાં યુવતીને મેનેજરે તે પણ તેની પત્નીથી કંટાળેલો હોવાનુ અને તેને છુટાછેડા આપીને યુવતીની સાથે લગ્ન કરવાનુ કહીને યુવતીને વિશ્વાસમાં લઈ તેની સાથે શરીરસબંધ બાંધ્યો હતો. આ ઘટના બાદથી મેનેજર યુવતીને અનેક વખત શહેરની અલગ અલગ હોટલમાં લઈ જઈ લગ્ન કરવાની વાતો કરીને શરીરસબંધ બાંધતો હતો. ત્યારબાદ યુવતીને લગ્ન કરવાના હોઈ થોડા દિવસ તેના વતન જઈ આવવાનુ કહીને મોકલી દીધી હતી. પંદર દિવસ બાદ યુવતી પાછી આવતા મેનેજરે તેની સાથેનો સંપર્ક ઓછો કરી દેતા યુવતીને છેતરાયાનો અહેસાસ થતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમ હવસખોરીની વધુ બે ઘટના પોલીસ ચોપડે ચડી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# અંધકારથી ઝળહળાટ

## જેલથી પ્રારંભ, રાજકીય સન્માન સાથે અંતઃ પ્રેરક સફર



રાજકીય સન્માન, ગાર્ડ ઓફ ઓનર સાથે સલામી, રાષ્ટ્રીયસ્તરના નેતાઓની ઉપસ્થિીત, રાજ્યમાં એક દિવસનો શોક, રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ... પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની માનભેર અંતિમવિધિ થઇ. જીવન-મૃત્યુ માણસના હાથમાં નથી. પરંતુ, કર્મ માણસ કરી શકે છે. અંતિમ સમયે ભરપૂર માન અમથું પ્રાપ્ત થતું નથી. વર્ષોથી ધૈર્ય રાખીને નિરંતર શ્રમ કરવાથી વિજયભાઇને રાજકીય સન્માન પ્રાપ્ત થયું છે.

નાના-મોટા દરેક નેતા વિજયભાઇને શ્રધ્ધાંજલિ આપી રહ્યા છે. પણ, વિજયભાઇના રાજકીય જીવનમાંથી પ્રેરણા લેનારા કેટલા? ટૂંકા માર્ગે પદ પ્રાપ્ત કરવાની દોડ ચાલી રહી છે. કદાચ પદ મળી પણ જાય. પરંતુ, લોકપ્રેમ અને સન્માન મળે?

વિજયભાઇ રૂપાણીની કારકિર્દી અંધકારથી ઝળહળાટ તરફ ગતિ કરનારી હતી. એક સમયે કોંગ્રેસનો સિતારો બુલંદી પર હતો. આ સમયે તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ સ્વબચાવ માટે લોકશાહીનું ગળું રૂંધીને કટોકટી લાદી હતી. વિપક્ષ તરીકે વિરોધ કરવો અતિ કઠીન હતો. આવા કપરા સમયે વિજયભાઇ અને તેના સાથીઓએ કટોકટીનો વિરોધ કર્યો હતો. લાંબોગાળો જેલની કોટડીના અંધકારમાં પસાર કર્યો હતો.


આ અંધકાર બાદ પણ વર્ષો સુધી વિપક્ષ તરીકે સામા પૂરે તરવાનું બન્યું. વિશેષ કંઇ આશા રાખ્યા વગર પાર્ટી લાઇનમાં રહીને વિજયભાઇ નિર્ણાયક રૂપે સક્રિય રહ્યા. રાજકીય કારકિર્દી ઝળહળ્યા બાદ મોટા પદ મળ્યા ત્યારે પણ વિવેક-ધૈર્ય ચૂક્યા નહિ... પક્ષ જે જવાબદારી આપે તે નિષ્ઠાથી નીભાવતા રહ્યા. અમથું અંતિમ સમયે રાજકીય સન્માન નથી મળ્યું.

વિજયભાઇની પ્રસંશા કરીને શ્રધ્ધાંજલિ અર્પવી એ ઔપચારિક બાબત છે. વિજયભાઇનું રાજકીય જીવન યુવા-ઊભરતા નેતાઓ માટે પ્રરક હતું. તેમાંથી ધૈર્ય-સંઘર્ષ-નિષ્ઠાની પ્રેરણા લઇને આ ગુણો સાથે આગળ વધે તે સાચી શ્રધ્ધાંજલિ ગણાય.

વર્તમાન સમયમાં રાજનીતિમાં ટૂંકા માર્ગેથી પદની પ્રાપ્તીની દોડ ચાલે છે. વાસ્તવમાં રાજનીતિ સાધના અને સેવાનો માર્ગ છે. સ્વાર્થ હોય એ સ્વાભાવિક છે. પણ, શ્રમ-નિષ્ઠા અને સામા પૂરની તૈયારી તો હોવી જોઇએ.

રાજનૈતિક માર્ગ શ્રેષ્ઠ છે. પણ, અન્યથી અલગ તરવા માટે દ્રષ્ટીકોણ બદલવો પડે. આ ક્ષેત્રે સ્પર્ધા ભરપૂર છે. મોટાભાગના સ્પર્ધકો ટૂંકા માર્ગના છે. પ્રોપર માર્ગે ચાલનારા બિનહરીફ જેવા હશે. આ માર્ગે કદાચ સમય લાગે. પણ, કારકિર્દી મજબૂત-વજનદાર અને નિગ્લેટ ન કરી શકાય તેવી બને.

વિજયભાઇ રૂપાણીએ અંધકારથી પ્રારંભ કરીને ઝળહળાટ સુધીની યાત્રા કરી. તેઓ આપણી વચ્ચે નથી રહ્યા. પણ, એ માર્ગે ચાલવામાં આવે તો નોંધપાત્ર નેતાગીરી જરૂરી સર્જી શકાય.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા





# અમદાવાદ પ્લેન દુર્ઘટના

## કોકપીટ વોઈસ રેકોર્ડર મળી આવ્યું

### એન્જિનનો અવાજ, લેન્ડિંગ, સિસ્ટમ ફેલ્યોર, પ્લેનની ગતિ અને કોઈ ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિ ક્યારે થઈ તે સમય બધું જ તેમાં રેકોર્ડ થતું હોય છે

નવીદિલ્હી, તા. ૧૬

અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ ક્રેશ થતાં ઓછામાં ઓછા ૨૭૪ લોકો માર્યા ગયા હતા. આમાં વિમાનમાં સવાર લોકોની સંખ્યા અને અકસ્માત સ્થળે હાજર લોકોની સંખ્યા બંનેનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં ૯૨ મૃતદેહોની ઓળખ તેમના ડીએનએ દ્વારા કરવામાં આવી છે. જ્યારે ૪૭ મૃતદેહો પીડિત પરિવારોને સોંપવામાં આવ્યા છે. આ અંગે હજુ પણ અન્ય બાબતો ચાલી રહી છે. પરંતુ આ અકસ્માત કેવી રીતે થયો તે પ્રશ્ન હજુ પણ વણઉકેલાયેલો છે. આવી સ્થિતિમાં, વિમાનના કેટલાક ભાગો જે મળી આવ્યા છે તે આગામી દિવસોમાં ઘણું બધું જાહેર કરી શકે છે. ઉદાહરણ તરીકે, પાઇલટે આખરે મેડે કોલ કેમ કર્યો. ઉડાન ભર્યાની થોડી મિનિટોમાં જ વિમાન ઉપર જવાને બદલે નીચે કેમ પડી ગયું? આવા પ્રશ્નોના જવાબ આપવા માટે જરૂરી બ્લેક બોક્સ પહેલાથી જ મળી ગયું હતું. હવે કોકપીટ વોઇસ રેકોર્ડર પણ મળી આવ્યું છે. તપાસ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ બની શકે છે. કોકપીટ વોઈસ રેકોર્ડર શું જાહેર કરી શકે છે

કોકપીટ વોઈસ રેકોર્ડર ક્રૂ મેમ્બર્સના અવાજો રેકોર્ડ કરે છે. વધુમાં, કોકપીટની અંદરના અવાજો પણ તેમાં રેકોર્ડ થાય છે. આ ઉપકરણ વિમાનમાં હાજર બંને પાઇલટ્સના કપાળની બરાબર ઉપર સ્થાપિત થયેલ છે. એન્જિનનો અવાજ, લેન્ડિંગ, સિસ્ટમ ફેલ્યોર, પ્લેનની ગતિ અને કોઈ ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિ ક્યારે થઈ તે સમય બધું જ તેમાં રેકોર્ડ થયેલ છે. આવી સ્થિતિમાં, આ અવાજો દ્વારા સ્પષ્ટ કરી શકાય છે કે જ્યારે પાઇલટે મેડે કોલ આપ્યો ત્યારે છેલ્લી થોડી મિનિટો કે સેકન્ડોમાં વિમાનમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ થઈ હતી. વિમાન દુર્ઘટના કયા સંજોગોમાં થઈ, તેના જવાબો અહીં મળી શકે છે.

કોકપીટ વોઈસ રેકોર્ડર એર ટ્રાફિક કંટ્રોલ સાથેની વાતચીત, રેડિયો હવામાન બ્રીફિંગ અને પાઇલટ્સ અને ગ્રાઉન્ડ અથવા કેબિન ક્રૂ વચ્ચેના સંદેશાવ્યવહારને પણ રેકોર્ડ કરી શકે છે. અન્ય વાસ્તવિક માહિતીની તુલનામાં અકસ્માત તપાસમાં કોકપીટ વોઈસ રેકોર્ડિંગનો ઉપયોગ અન્યાયી રીતે થાય છે. તેને ફક્ત ખૂબ જ સંવેદનશીલ કેસોમાં જ સાંભળવાની મંજૂરી છે. આવી સ્થિતિમાં, હવે જ્યારે વિમાન અને તેના તમામ ક્રૂ સભ્યોને બચાવી શકાયા નથી, તો આ રેકોર્ડિંગ કેવા પ્રકારની માહિતી પૂરી પાડે છે તે જોવું રસપ્રદ રહેશે. ઉપરાંત, આનાથી વિમાન દુર્ઘટનાના કારણો કેટલી હદ સુધી ખુલે છે.


એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ કહ્યું હતું કે ક્રેશ થયેલા વિમાનનો ફક્ત ફ્લાઇટ ડેટા રેકોર્ડર જ મળ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બ્લેક બોક્સની રિકવરી અંગેની માહિતી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્ય સચિવ પીકે મિશ્રાને આપવામાં આવી છે. તેમણે રવિવારે અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આ અકસ્માત ૧૨ જૂનના રોજ થયો હતો. તેમણે સિવિલ હોસ્પિટલની પણ મુલાકાત લીધી, જ્યાં ઘાયલોની સારવાર ચાલી રહી છે.

# કમ્બાઈન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સ હવે ઓગસ્ટ કે સપ્ટેમ્બરમાં

### ઓપરેશન સિંદૂરના પગલે કોન્ફરન્સ રખાઈ હતી મુલત્વી : સશસ્ત્ર દળોની ક્ષમતા વિકાસને વધારવા માટે હાથ ધરાઈ છે કોન્ફરન્સ

નવીદિલ્હી, તા. ૧

ગયા મહિને હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરની પૃષ્ઠભૂમિમાં, દેશના ટોચના લશ્કરી અધિકારીઓને લશ્કરી બાબતો અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે ચર્ચા કરવા માટે એક દ્વિવાર્ષિક કાર્યક્રમ, કમ્બાઈન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સ (CCC) મુલતવી રાખવામાં આવી છે. આ પરિષદ મે મહિનાના અંતમાં અથવા જૂનની શરૂઆતમાં કોલકાતામાં યોજાવાની હતી. જોકે હજુ સુધી કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી, પરંતુ હવે તે આ વર્ષે ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં થઈ શકે છે, એમ સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સમય તે સમયની સુરક્ષા પરિસ્થિતિ પર આધાર રાખશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય રીતે દર બીજા વર્ષે યોજાતા આ પરિષદમાં હાજરી આપે છે.




ઓપરેશન સિંદૂર હાલ પૂરતું મુલતવી રાખવામાં આવ્યું છે, પરંતુ ચેતવણીનું સ્તર ઊંચું રહે છે અને આગામી કેટલાક મહિનાઓ સુધી તે ઊંચું રહેવાની શક્યતા છે. આ વર્ષના ઈઈઈ માટેની અંતિમ તારીખ આગામી બે થી ત્રણ મહિનામાં સુરક્ષા પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી નક્કી કરવામાં આવશે. ભારતીય સેનાએ મે મહિનામાં ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હોવાથી, જ્યારે કોન્ફરન્સ આખરે યોજાશે ત્યારે સેવાઓ દ્વારા તેનું સંયુક્ત અમલીકરણ અને તેમાંથી શીખેલા પાઠ ચર્ચાના મુખ્ય મુદ્દાઓ હોવાની શક્યતા છે. વૈશ્વિક સંઘર્ષોમાં નવા યુગની ટેકનોલોજીના વધતા ઉપયોગ વચ્ચે પ્રેરણા અને લડાઈ નેતૃત્વ, સશસ્ત્ર દળોમાં ટેકનોલોજીનું શોષણ, અગ્નિપથ યોજના અને તેનું ભવિષ્ય, તેમજ વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને તૈયારી - ખાસ કરીને ઉત્તર અને પશ્ચિમ સરહદો અને ઉત્તરપૂર્વમાં - એજન્ડામાં રહેવાની અપેક્ષા છે.

છેલ્લી CCC માર્ચ ૨૦૨૩ માં ભોપાલમાં યોજાઈ હતી, જ્યાં ટોચના લશ્કરી નેતૃત્વએ ડેટાના ડિજિટાઇઝેશન, સોશિયલ મીડિયા દ્વારા ઉભા થયેલા પડકારો અને તકો, સંરક્ષણ નિકાસ અને અગ્નિપથ યોજનાના અમલીકરણ સહિતના વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. તે પરિષદમાં સશસ્ત્ર દળોના ક્ષમતા વિકાસને વધારવા માટે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનમાં સુધારા અને સંરક્ષણ જ્જીબ સુધારાઓની સમીક્ષા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.ત્રણેય સેવાઓ દર વર્ષે પોતાની સેવા-વિશિષ્ટ કમાન્ડરોની પરિષદ પણ યોજે છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં લખનૌમાં પ્રથમ બે દિવસીય સંયુક્ત કમાન્ડરોનું પરિષદ યોજાયું હતું. તેનું આયોજન ભારતના ટોચના સશસ્ત્ર દળોના નેતૃત્વ અને સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ વચ્ચે વિચારો, વ્યૂહરચનાઓ અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાનપ્રદાન માટેના પ્લેટફોર્મ તરીકે કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ પરિષદની અધ્યક્ષતા કરી હતી.

# લશ્કરી તાકાત વધુ મજબુત કરશે ભારત

### સંરક્ષણ મંત્રાલયે લાંબા અંતરની મિસાઇલો, 'કેમિકેઝ' ડ્રોન અને અત્યાધુનિક આર્ટિલરી શેલોની મોટા પાયે ખરીદીને મંજૂરી આપી

નવીદિલ્હી, તા. ૧૬

પાકિસ્તાન વિરુદ્ધ તાજેતરમાં સફળ લશ્કરી ઓપરેશન 'ઓપરેશન સિંદૂર' પછી, ભારતે તેની લશ્કરી શક્તિને વધુ મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. સંરક્ષણ મંત્રાલયે લાંબા અંતરની મિસાઇલો, 'કેમિકેઝ' ડ્રોન અને અત્યાધુનિક આર્ટિલરી શેલોની મોટા પાયે ખરીદીને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રાલયે ત્રણેય સેવાઓને તેમના સંરક્ષણ સ્ટોકને ફરીથી ભરવાની મંજૂરી આપી છે, જેમાં લાંબા અંતરના લોઇટરિંગ દારૂગોળો, આર્ટિલરી શેલ, કામિકાઝ ડ્રોન અને આવા ઇટછ મિસાઇલોનો સમાવેશ થાય છે. તાજેતરની લશ્કરી કાર્યવાહી અને તેના નુકસાનનું મૂલ્યાંકન કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.



આ વ્યૂહાત્મક નિર્ણય હેઠળ, સેનાને આધુનિક લૂંટફાટના શસ્ત્રો, બાઇસન એલ એન્ડ ટી, હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઇલો અને ચોકસાઇવાળા આર્ટિલરી શેલ મળશે. આ શસ્ત્રોની અસરકારકતા તાજેતરના સંઘર્ષમાં દર્શાવવામાં આવી હતી, જ્યારે ભારતીય દળોએ ચોકસાઇવાળા હુમલાઓથી પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓનો નાશ કર્યો હતો. ભારતીય ડ્રોન પાકિસ્તાનની સરહદમાં ઘૂસી ગયા અને ઇંચ-૯ અને ઇંચ-૧૬ જેવી ચીની બનાવટની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને અનેક રડારને નિષ્ક્રિય કરી દીધા. આ કામિકાઝ ડ્રોન કલાકો સુધી દુશ્મનના પ્રદેશ પર ફરતા રહી શકે છે, લક્ષ્યો શોધી શકે છે અને પછી આત્મઘાતી હુમલા કરી શકે છે.

સંરક્ષણ મંત્રાલય હવે આના વધુ અદ્યતન સંસ્કરણો ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે, ભારતીય વાયુસેના માટે તે ઇટછ મિસાઇલો ખરીદવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે, જે પાકિસ્તાનની ડ્ક-૧૫ મિસાઇલો કરતાં ઘણી વધુ અસરકારક છે. આ પગલાને ભારતની બદલાતી લશ્કરી વ્યૂહરચના અને આધુનિકીકરણ તરફ એક મુખ્ય સંકેત માનવામાં આવી રહ્યો છે, જેમાં ટેકનોલોજી આધારિત યુદ્ધ પ્રણાલીઓ, માનવરહિત શસ્ત્રો અને ચોકસાઇવાળા હડતાલ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. અઉઊ એ આ ડ્રોનની ટેકનોલોજીનું પરીક્ષણ કરવા માટે તેના બે પ્રોટોટાઇપ બનાવ્યા છે. તેનું માળખું બેંગલુરુ સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ સાથે મળીને તૈયાર કરવામાં આવ્યું છે. તેની પ્રારંભિક ડિઝાઇન અને પ્રોટોટાઇપ માત્ર નવ મહિનામાં તૈયાર કરવામાં આવ્યા હતા, જે ભારતની ઝડપી તકનીકી પ્રગતિ દર્શાવે છે.

કર્ણાટકના ચિત્રદુર્ગ નજીક એરોનોટિકલ ટેસ્ટ રેન્જમાં ડ્રોનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યાં તેણે હાઇ-સ્પીડ ટેક્સી ટ્રાયલ પાસ કરી હતી. આ પરીક્ષણ ડ્રોનની સ્થિરતા અને તેના ખાસ લેન્ડિંગ ગિયરની તપાસ કરવા માટે હતું. તેને વધુ સુધારવા માટે, ગેસ ટર્બાઇન રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટના સ્વદેશી નાના ટર્બો ફેન એન્જિનનો ઉપયોગ કરવામાં આવશે. સ્વિફ્ટ-કે એ ઘાતક માનવરહિત કોમ્બેટ એર વ્હીકલ પ્રોગ્રામનું નાનું સંસ્કરણ છે. ઘટક એક મોટું અને અદ્યતન ડ્રોન હશે, જે મિસાઇલ અને બોમ્બ લઈ જઈ શકે છે. સ્વિફ્ટ-કે આ માટે પરીક્ષણ તકનીકો પર કામ કરી રહી છે. તેની ડિઝાઇન ખાસ ઉડતી પાંખના આકારમાં છે, જે તેને વધુ છુપાવવામાં મદદ કરે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ઝંખના અને જીજ્ઞાસા વચ્ચેના તત્વતઃ ભેદને સમજીને ઝાકઝમાળ ઝંખનાઓ ઓછી કરીએ



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્લેન ક્રેશની દુર્ઘટના તો બીજી બાજુ ઈરાન ઈરાક વચ્ચે ભભકતુ યુદ્ધ! એટલે કે આવતીકાલે શું થશે? એવું વિચારાય જાય! અને હવે તો આ રીતે મૃત્યુ થાય એમાં કર્મ પણ કેમ સિદ્ધ થાય ! પણ ભવિષ્ય જ્યારે અંધકાર મય હોય ત્યારે વર્તમાનમાં જીવવું! એવું સ્વયં યોગેશ્વર એ કહ્યું છે. કોઈની ચડતી તો કોઈની પડતી એ કુદરતનો ન્યાય છે!' સમાજ કે સરકાર સામે પ્રશ્નો કરવાથી કંઈ નહીં વળે અંતે તો આપણે એને શરણે જ જવું પડશે. પૂનમનો ચંદ્ર ક્યારેય એકધારો આકાશમાં રહેતો નથી, તેને પણ પોતાની કલા વધતી ઓછી કરવી પડે છે. તેમ અહીં દરેકની કલા ચડતી અને ઘટતી હોય છે, એ સત્યને સ્વીકારી લેવાથી થોડું સમસ્યા સામે સમાધાન મેળવી શકાય. ઓશોનું હમણાં જ એક વાક્ય વાંચ્યું કે બહારની વસ્તુઓ માટે કદાચ આપણો વિશ્વાસ દ્રઢ ન હોય તો અન્યના કહેવા પ્રમાણે આપણે અનુસરીએ તો જીવનમાં આગળ ચાલી શકાય, પરંતુ આપણા આંતરિક ઉદ્ધારની વાત હોય, ત્યાં કોઈ એક તત્વ પ્રત્યે ભરોસો હોવો બહુ જ જરૂરી છે, અને તો જ ત્યાં ઉત્થાનની ક્રિયા આગળ સંભવ છે. પરંતુ એની માટે જ્ઞાનની જિજ્ઞાસા હોવી જરૂરી છે, જ્યારે આપણે તો સુખની ઝંખના જ કરીએ છીએ.

ઝંખના અને જિજ્ઞાસા આ બંને શબ્દમાં તત્વતઃ તફાવત છે, ઝંખના શબ્દમાં ક્યાંક ઈચ્છા કે એષણાનો એટલે કે ભોગનો દ્વનિ વરતાય. મનની અતૃપ્ત ઇચ્છાઓ પૂર્ણ થાય એવો ભાવ હોય તેને ઝંખના કહેવાય, જ્યારે જીજ્ઞાશા શબ્દમાં જીવની જ્ઞાન કે પરમતત્વનું જ્ઞાન મેળવવાની ઈચ્છાને આપણે જિજ્ઞાસા કહીએ છીએ. પરંતુ સંસારી અને ભોગી જીવને જ્ઞાન પણ કેવું અને કેટલું હોય, એટલે તેની માટે એકંદરે આશા પણ એટલી ઊંચી હોય નહીં. વધી વધીને પરમ તત્ત્વ શું છે? અથવા તો ઈશ્વર આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન આમ કેમ કરી રહ્યો છે? એટલે કે આવી દુર્ઘટના, કસમયે ઋતુચક્રનો બદલાવ, અતિવૃષ્ટિ, ધરતીકંપ કે પછી અન્ય કોઇ કુદરતી કે કુત્રિમ હોનારત જોઈએ, ત્યારે આપણા મનમાં આવો ભાવ આવે, અને એવી દ્વિધા પણ હોય! તો પછી સવાલ એ થાય કે સાચું જ્ઞાન શું છે! અને એ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય?

પ્રથમ તો આત્મતત્વને જોયા જાણ્યા વગર જે પરમાત્મ તત્વને જોવા-જાણવા કે માણવા નીકળે તો તેની યાત્રા સફળ થતી નથી. પહેલા તો દેહમાં રહેલ દેહી પ્રત્યેનું જ્ઞાન પ્રાપ્ત થવું પૂર્ણ આવશ્યક છે, અને જ્યાં સુધી દેહ એ સ્વયં સંચાલિત છે, એવો ભાવ રહે એટલે કે મારા કરવાથી આ બધું થાય છે, એવો ભાવ હોય, ત્યાં સુધી આ યાત્રા આગળ ચાલી શકતી નથી. ટૂંકમાં હું પણું છૂટે, ત્યારે જ જ્ઞાનની ઉપલબ્ધિ શક્ય છે. વિવેકી હોવું, નમ્ર હોવું, અને શરણાગત હોવું, એમાં ઘણો તફાવત છે. શરણાગત એટલે કે હું અહીં કંઈ જ કરતો નથી, હે ઈશ્વર આ મારો દેહ તું સંચાલિત કરી રહ્યો છે, એ વાત પર પૂર્ણ વિશ્વાસ છે, એવું જ્ઞાન જ્યારે થાય, ત્યાર પછી જિજ્ઞાસા થાય છે, કે તો પછી તારું વિરાટ સ્વરૂપ કેવું હશે,કે જે સમગ્ર સૃષ્ટિનુ સંચાલન બખૂબી કરે છે, અને એ પણ એક પણ ભૂલ વગર! કોઈ નિશ્ચિત ચરણમાં આપણી જાતનું સમર્પણ કરી દઈએ, તો આ ગેબ અને ગેબીનાં રહસ્ય જલ્દી સમજાય, અને ઈશ્વર તત્વને માણી શકાય. જીવની જિજ્ઞાસાની તીવ્રતા જેટલી વધુ, એટલું પરિણામ વધુ ફળદાયી બને.

પરંતુ આધુનિક માનવ ઝંખના અને જિજ્ઞાસાની એક જ વ્યાખ્યા કરતો થઈ ગયો છે, અને ઝંખના માટે બાકી બધી જ ક્રિયાઓ તેની માટે ગૌણ બની જાય છે, અને તેની પ્રાથમિકતા કે જરૂરિયાત માત્ર ને માત્ર ઝંખના પૂર્ણ કરવી એ જ બની રહે છે, એટલે જોઈએ તેટલું પરિણામ મળતું નથી. નહીતો આજના આ યુગમાં ધર્મ સભાઓ પણ ખૂબ થાય છે, હરિ કથાનું આયોજન પણ ખૂબ થાય છે, કુંભમેળાના મોટા મોટા આયોજન થાય છે, તેમજ તત્વચિંતકો પણ પોતાની રીતે સત્વ તત્વનું સંતુલન કઈ કઈ રીતે કરી શકાય, એ વિશે મીમાંસા કરતા જોવા મળે છે. પરિણામે ૫૦૦૦૦ માંથી પાંચ જણા પણ સમાજમાં સુધરતા હોય તો ખોટ નથી, એવું વિચારીને આ પ્રકારના આયોજનો વધુને વધુ થતાં હોય છે. એટલે ઘણીવાર સામ્પ્રત સમાજની આ અતિ ભ્રષ્ટ અને ઉગ્ર એટલે કે હિંસા ધરાવતી વૃત્તિઓ આખરે ક્યાં લઈ જશે એવી કરુણા થાય, પણ અંતે તો એણે જે વિચાર્યું હશે તે જ થશે, અને તે સારા માટે જ થઇ રહ્યું છે, એ પૂર્ણ ભરોસો છે. કારણ કે કળિયુગ પછી ક્રમમાં સતયુગ આવે છે. એટલે અંદરોઅંદરનો આ ભાવ લોકોને પોતાનાં પતન તરફ લઈ જઈ રહ્યો છે, એ જ્યાં સુધી ખુદને સમજાય નહીં, ત્યાં સુધી કોઈ સમજાવી શકે નહીં, અને એ રીતે ધીરેધીરે કા વૃત્તિ ખત્મ થશે, અને કા વ્યક્તિ ખત્મ થશે, પછી જે બચે તે બધા જ શુભ મંગલનું ગાન કરનારા હશે.આ વાક્ય સદગુરુ દેવનાં આજથી પચાસ વર્ષ પહેલાંના છે. દ્વાપરમાં કૃષ્ણની સૌથી મોટી પીડા એ રહી કે યાદવ કુળનો નાસ અંદરોઅંદરના વૈમનસ્યને કારણે થયો, એ જ રીતે કળિયુગનો અંત પણ ભ્રષ્ટાચારની પરાકાષ્ઠાએ અંદરોઅંદરના વિદ્રોહને કારણે થશે.

બ્રહ્મજ્ઞાન માટે હિંદુ સંસ્કૃતિમાં ઉત્તમોત્તમ શાસ્ત્રો છે, એટલે કે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, અને શ્રીમદ્ ભાગવત, આ ઉપરાંત અન્ય ધર્મનાં ગ્રંથો હોઈ શકે, જે જીવને સ્પષ્ટપણે જીવ શિવનો તફાવત બતાવે, અને શિવ તરફ કઈ રીતે આગળ વધી શકાય, જીવ શિવ એકાકાર, કે મિલન કઈ રીતે થાય, આ બધું જ એ શાસ્ત્રોમાં છે, અને એનો અર્થ કરી શકીએ એટલાં તો સાક્ષર પણ છીએ. પરંતુ બે શ્લોક વચ્ચેનો શૂન્યાવકાશ પણ જ્યારે બોલે, અથવા તો એનો અર્થ પણ સમજાય ત્યારે શાસ્ત્ર આત્મસાત કર્યું એમ કહી શકાય, અને પછી જ્ઞાન વિશેની જે આશા જાગે તે જિજ્ઞાસા છે. પરંતુ વિજ્ઞાનની ચકાચૌંધમાં માનવી જ્ઞાન વિશેની જીજ્ઞાસા કરતાં બંધ થઇ ગયો છે, દેહથી આગળનું કે દેહની અંદરનું સત્ય તેને દેખાતું નથી, એટલે બહાર વિષમ પરિસ્થિતિમાં જીવનારા પ્રત્યે સંવેદના નથી, અને પોતે પોતાની જિંદગી વેડફી રહ્યો છે, એવી વેદના પણ નથી. અમુક વાત એવી હોય કે તેમાં ખુદની મરજી ન હોય તો કંઈ ન થઈ શકે, એટલે કે જાણકારી ઘણી છે, પરંતુ જ્ઞાન મેળવવા માટેની એકાદ ક્રિયા પણ સક્રિય થાય તો જ આ યાત્રા સંભવ બને.

બીજી એક ભૂલ માનવીની એ છે કે પ્રાથમિક માથી હાઈસ્કૂલમાં, હાઇસ્કુલ માંથી કોલેજમાં, કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરે, એટલે પોતે પૂર્ણ જ્ઞાની. પરંતુ એને અક્ષર જ્ઞાની કહેવાય. બ્રહ્મજ્ઞાન તો બધાંની વચ્ચે રહીને બધાંને સમસ્યા સાથે સ્વીકારવાથી મળે. ઈશ્વરનાં રૂપ સ્વરૂપની ધારણા કરી તેનું અનુસંધાન કરવું, અને ઈશ્વરને અન્યમા જોઈ અને તેની સાથે પ્રેમભર્યો સંબંધ કેળવીયે! આ બંનેમાં ઘણો તફાવત છે. એકમાં માત્ર કાલ્પનિક અનુભૂતિ છે, અને બીજામાં એના સાનિધ્યનો પણ અનુભવ ભળે છે.

બ્રહ્મજ્ઞાનની જો સીધી સાદી વ્યાખ્યા કરવામાં આવે તો, સમય સંજોગ, કે સમસ્યાને સ્વીકારી સહજ થઈ શકવાની સમજ જેને પ્રાપ્ત થાય તે બધા જ બ્રહ્મજ્ઞાની છે, એમ કહી શકાય. આપણે જિજ્ઞાસા પ્રત્યે થોડા જાગૃત થઈએ, તેની તીવ્રતા વધારીએ, એ પ્રકારનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી જીવનને સરળ અને મધુર બનાવીએ, અહીં જ ઈશ્વરને અનુભવીએ, અને એકમેકમાં પરમાત્મ તત્વના દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### લાલચ લઇ ડૂબે છેઆવુ જાણવા છતાં લોકો લલચાય છે અને છેતરાય છે

# અઠવાડીયે 30 ટકા નફો લેવા જતાં ૬0 લાખ ગુમાવ્યા

## બિલ્ડરને એક ફોન આવ્યો, વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી એપ ડાઉનલોડ કરાવાઇઃ રોકાણ પર ખુબ મોટો નફો બતાવાયોઃ પણ ઉપાડવા હોય તો બીજા અડતાલીસ લાખ ભરવા પડે તેવું કહેતાં ખબર પડી કે છેતરાઇ ગયા

રાજકોટ તા. ૧૬

લાલચ અવાર-નવાર લોકોને લઇ ડુબે છે, અનેક લોકો ઓનલાઇન ગઠીયાઓની લાલચનો શિકાર લગભગ રોજેરોજ બની રહ્યા છે. સરકાર, પોલીસ ગાઇવગાડીને આવા ફ્રોડથી બચવા, જાગૃત બનવા લોકોને સમજાવે છે. આમ છતાં લોકો ભુલ કરી બેસે છે અને પળવારમાં લાખો રૂપિયા ગુમાવી બેસે છે. શેર બજારમાં કમાણીના નામે બિલ્ડરે આધધધ સાંઇઠ લાખ પચાસ હજાર ગુમાવી દીધા છે. તેને ગઠીયાઓએ એક એપ ડાઉનલોડ કરાવડાવી શેર બજારમાં રોકાણ પર અઠવાડીયામાં ત્રીસ ટકા નફાની લાલચ આપી પોતાની જાળમાં ફસાવી લીધા હતા. રોકાણ સામે બિલ્ડરને મસમોટો નફો તેની એપના એકાઉન્ટમાં બતાવતો હતો. પરંતુ આ રકમ વિડ્રો કરવી હોય તો કેપિટલ ગેઇન ટેક્સના પિસ્તાલીસ લાખ ચુકવવા પડે તેમ કહી રકમ ઉપાડવા દેવાઇ નહોતી. ત્યારે બિલ્ડરને છેતરાઇ ગયાની ખબર પડી હતી.

વિગતો જોઇએ તો નાના વરાછાના બિલ્ડરને અઠવાડીયામાં વીસથી ત્રીસ કા નફો અપાવવાની લાલચ આપીને ગઠીયાએ ફેરીડા કેપિટલ એપ્લિકેશનમાં ડિમેટ એકાઉન્ટ ખોલાવીને સાંઇઠ લાખ પચાસ હજાર પડાવ્યા હતા. જેમાં રોકાણના રૂપિયા ઉપાડવા જતા કેપિટલ ગેઇન ટેક્સના અડતાલીસ લાખ માંગતા પોતાની સાથે છેતરપિંડી થયાની ફરિયાદ બિલ્ડરે સાયબર ક્રાઇમમાં નોંધાવી છે. નાના વરાછા સાઇકૃપા સોસાયટીમાં રહેતા બિલ્ડર મહેશભાઈ વિઠ્ઠલભાઈ ડોબરીયાને અજાણ્યાએ વેલ્થ કોડ એન ૫૪ નામના વોટ્સઅપ ગ્રુપમાં એડ કર્યા હતા. ત્યાર બાદ અન્ય મોબાઈલ નંબરથી મેસેજ કરી પોતાની ઓળખ વિજય સિંગ તરીકે આપી હતી. સ્ટોકમાર્કેટ એક્સચેન્જમાં રોકાણ કરવાથી તમને ૨૦ થી 30 ટકાનો નફો અઠવાડિયામાં મળશે તેવી લાલચ આપી હતી.

બાદમાં આ ઠગ વિજયસિંગે સ્ટોક માર્કેટમાં રોકાણ કરવાનું કહીને લીંક મોકલી હતી.આ લીંક ઓપન કરતાની સાથે જ ફેરિડા કેપિટલ નામની એપ ડાઉનલોડ થઇ હતી. બાદમાં આ વિજયે આ એપમાં મહેશભાઇને રજીસ્ટ્રેશન કરાવી ડિમેટ ખાતુ ખોલાવ્યું હતું. આ ખાતામાં અલગ અલગ આઇપીઓ અને શેરમાં રોકાણના નામે ૬૦.૫૫ લાખ જમા કરાવ્યા હતા. જ્યારે મહેશભાઇએ ના નાણા વિડ્રો કરવાનો પ્રયાસ કરતા વિડ્રો થઇ શક્યો ન હતા. જ્યારે એપના મેનેજર એલેક્ષને સંપર્ક કરતા તેણે વિડ્રોની -ોસેસ કરવાનું કહ્યા બાદ એક બે દિવસમાં નાણા તમારા એકાઉન્ટમાં જમા થઇ જશે એમ જણાવ્યું હતું. જોકે ત્યારબાદ પણ વિડ્રો ન થતા મહેશભાઇએ ફરી એલેક્ષનો સંપર્ક કરતા તેણે તમારે કેપિટલ ગેઇન ટેક્સના રૂ.૪૮,૮૨,૧૪૦ ભરવાના થાય છે પણ તમને ૫ ટકા રાહત આપીને રૂ.૩૨,૫૪,૭૬૦ ભરવા માટે જણાવ્યું હતું. આખરે મહેશભાઇને પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતા તેમણે સુરત સાયબર સેલમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી છે.



**બીજી ઘટનામાં ઈન્સ્યોરન્સ માટે લિંક મોકલી યુવાનને છેતરી લેવાયો**

વધુમ માહિતી મુબજ શરૂઆતમાં આ બિલ્ડર મહેશભાઇ ડોબરિયાએ ગઠિયા વિજયની વાતમાં આવી જઇને શરૂઆતમાં ૫૦ હજાર રૂપિયાનું રોકણ કર્યું હતું. જ્યારે તેમના એકાઉન્ટમાં ૧૫ ટકા જેટલો નફો બતાવ્યો હતો. આ રીતે નફો બતાવીને ગઠિયાએ મહેશભાઇ ડોબરિયાને અલગ અલગ સ્ટોકમાં અને આઇપીઓમાં રોકાણના નામે ૬૦.૫૫ લાખ રૂપિયા ડિમેટ એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. પછી છેતરાઇ ગયા હતાં.

ફ્રોડની બીજી ઘટના જોઇએ તો આ બનાવ વાપી ટાઉનમાં બન્યો છે. જેમાં રકમ નાની ગઇ છે પરંતુ લોકોને કઇ રીતે મામા બનાવાય છે તે જાણવા જેવું છે. અહિના મંછારામ એપાર્ટમેન્ટમાં રહેતા વસંત ત્ર્યંબક પાટીલને ફોન આવ્યો હતો કે, ઇન્સ્યોરન્સ માટે વોટ્સએપ પર એક લિંક મોકલ્યા છે અને તેનો ખોલી ભરવાનું જણાવતા ક્રેડિટ કાર્ડ અને બીઓબીના ખાતાની માહિતી તમારે ભરવાની છે. આથી તેણે આ મુજબની કાર્યવાહી કરી હતી. પરંતુ થોડી જ વારમાં તેને છેતરાઇ ગયાની ખબર પડી હતી. તેણે લિંક ખોલી વિગતો ભર્યા બાદ તેના ખાતામાંથી નાણાં ડેબીટ થઇ ગયા હતા. કુલ રૂ. ૬૬,૦૦૮ ખાતામાંથી કપાઈ જતા આ અંગે સાઇબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ બાદ ટાઉન પોલીસમાં લેખિતમાં ફરિયાદ કરાઇ છે. સામાવાળા વ્યક્તિએ પોતાનું નામ દીપક શર્મા હોવાનું જણાવ્યું હતું. જેથી નામ જોગ ફરિયાદ નોંધી પોલીસે આ શખ્સની તલાસ આરંભી છે. અહિ રકમ નાની છે પરંતુ ગઠીયાગીરીના કેવા કેવા પ્રકારો હોય છે તે જાણવા જેવું છે.

# ગુજરાત અને ભાજપને સમર્પિત સ્વયંસેવકની પડી ખોટ : રંગાણી

## રાજકોટને એઈમ્સ, ઇન્ટરનેશનલ એરપોર્ટની ભેટ આપનાર વિજયભાઈ રૂપાણી સદૈવ રાજકોટની જનતાના હૃદયમાં રહેશે

રાજકોટ, તા. ૧૬

અમદાવાદ ખાતે થયેલ અત્યંત દુઃખદ વિમાન દૂર્ઘટનામાં હતભાગી દિવંગતો અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને અશ્રુભીની શ્રદ્ધાંજલિ પાઠવતા જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે અત્યંત દુઃખદ વિમાન દુર્ઘટનાની કરૂણાંતિકા થી જનમાનસે ખૂબ જ આઘાત ની અનુભૂતિ કરી છે. અમદાવાદ ખાતે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણી પણ સ્વર્ગવાસી થયેલ છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર-રાજકોટમાં શોકનું મોજું પ્રસરી ગયું છે.

૨ ઓગષ્ટ, ૧૯૫૬ના રોજ જન્મેલા વિજયભાઈ રૂપાણીએ રાજકોટને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થી પોતાની કારકીર્દી શરૂ કરી કટોકટી દરમ્યાન કારાગાર વાસ વહોરી એક પ્રતિબદ્ધ કાર્યકર્તા નો પરિચય આપ્યો અને સંગઠન અને સત્તાકીય ક્ષેત્રે અનેક મહત્વપૂર્ણ મુકામ પ્રાપ્ત કરેલ જનસંઘ આરએસએસ માં જવાબદારી નિભાવી ને ભાજપ ની પ્રચંડ રાષ્ટ્રવાદ ની વિચારધારા ને પોતાના જીવનમાં ઉતારી વ્યક્તિ નહીં પાર્ટી મહાનના સૂત્ર ને સાકાર કરી ભવિષ્યની પેઢી પણ ભારતીય જનતા પાર્ટીમાં જોડાય તે માટે અથાગ પરિશ્રમ કરેલ.

વિજયભાઈ રૂપાણીએ બુથ લેવલ થી ભારતીય જનતા પાર્ટીમાં જવાબદારી સંભાળી રાજકોટના મેયર, પ્રદેશ ભાજપ મહામંત્રી, પ્રદેશ ભાજપ



પ્રમુખ,સંકલ્પ અમલીકરણના ચેરમેન,સરકારના પ્રવક્તા અને રાજ્યસભાના સાંસદ, અને રાજ્ય સરકારમાં વાહન વ્યવહાર મંત્રી બન્યા અને ત્યારબાદ રાજ્યના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી ખરા અર્થમાં સંવેદનશીલ પ્રજાભિમુખ સરકારની ઓળખ ગુજરાતની જનતાને કરાવી હતી. સરળ સ્વભાવ અને કુશળ નેતૃત્વ ધરાવતા વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી હોવા છતાં ખરા અર્થમાં કોમનમેન સાબિત થયા હતા.

ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નેતૃત્વ ધ્વારા પંજાબ અને ચંદીગઢના પ્રભારી તરીકે વિજયભાઈ રૂપાણીને જવાબદારી સોંપાવામાં આવેલ હતી. આમ રાજકીય-સેવાકીય અને સામાજિક ક્ષેત્રે સદેવ અગ્રેસર વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન રાજકોટને એઈમ્સની ફાળવણી, અટલ સરોવર અને ન્યુ રેસકોર્ષની ભેટ આપીને રાજકોટવાસીઓના હૃદયમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સાથોસાથ સંવેદનશીલ અને સરળ સ્વભાવને કારણે તેઓએ કાર્યકર્તા અને લોકોના હૃદયમાં અસીમ લોકચાહના મેળવી હતી.

ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનક્ષેત્રે કુશળતા પૂર્વક કામગીરી કર્યા બાદ મુખ્યમંત્રીપદે હોવા છતાંય વિજયભાઈ રૂપાણીની સાદગી, સરળતા, સાહજિક્તા અને સંવેદનશીલતા લોકોને સ્પર્શતી હતી. ખાસ કરીને રાજકોટના આગેવાનો-કાર્યકર્તાઓ કે જે વર્ષોથી વિજયભાઈ રૂપાણી સાથે લાગણી અને આત્મીયતા ના સંબંધથી જોડાયેલા હતા તેઓ પોતાના પરિવારના મોભી-સ્વજન ગુમાવ્યા હોય તેવી વેદના અને શોક અનુભવી રહ્યાં છે. દુર્ઘટનામાં વિજયભાઈ રૂપાણીના નિધન ના સમાચાર સાંભળી ગુજરાતભરમાં જયારે શોકનું મોજું પ્રસરી ગયું છે ત્યારે પોતાના વહાલસોયા સ્વ.પુત્ર પૂજિત રૂપાણી ના નામથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આકસ્મિક નિધનથી ગુજરાત અને ભાજપને અકલ્પનીય ખોટ પડી છે.

### સિસ્ટમ વધુ જટિલ બનતા નથી મળતો લાભ, સરકાર અને સ્થાનિક પ્રશાસન યોગ્ય ઉકેલ લાવે તે ખૂબ જરૂરી

# અનાજ પુરવઠાથી વંચિત પરપ્રાંતિય રેશનકાર્ડ ધારકો

રાજકોટ, તા. ૧૬

રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર દ્વારા જે વિવિધ નીતિઓનું ગઠન કરવામાં આવતું હોય છે તેમાં એ વાતની હર હંમેશ સ્પષ્ટતા થાય છે કે માત્ર શહેર કે જિલ્લાના જ નહીં પરંતુ અન્ય પ્રાંતના લોકો કે જે રાજકોટમાં કામ કરતા હોય તેઓને તમામ જરૂરી સુવિધાઓ મળી રહે એટલું જ નહીં પુરવઠા વિભાગ દ્વારા વનનેસન વનરેશન કાર્ડ યોજના ની અમલવારી એટલે જ કરવામાં આવી કે રાજકોટના જે પરપ્રાંતિય લોકો હોય તેઓ અનાજ પુરવઠાથી વંચિત ન રહી જાય.

ત્યારે રાજકોટમાં જે પરપ્રાંતિય લોકો છે તેઓને રાસનીંગ પુરવઠો ન મળતા ભારે બેકારો મચી ગયો છે ઉપરાંત રેશનકાર્ડ ઈકિવાયસી કરાવેલા ગ્રાહકોને પણ જૂન માસનો પુરવઠો હજુ સુધી આપવામાં આવ્યો ન હોવાના કારણે હાલ રાશન કાર્ડ ધારકોની ચિંતામાં વધારો થયો છે અને તેઓની હાલત પણ કફોડી બની છે. આ બાબતે તત્કાલ પગલા લેવાની માંગણી ઉઠાવી ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસો દ્વારા રાજયના પુરવઠા નિયામકને રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા તથા મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવ્યું છે કે, વન નેશન વન રેશનકાર્ડ હેઠળ નેશનલ ફુડ સિક્યુરિટી એક્ટ હેઠળ જોડાયેલા તમામ રેશનકાર્ડ ધારકો સમગ્ર ભારતમાં કોઈ પણ ગામ કે શહેરની સસ્તા અનાજની દુકાન ખાતેથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે પરંતુ ગુજરાત રાજ્યમા પરપ્રાંતીય રેશનકાર્ડ ધારકો જ્યારે ગુજરાત રાજ્યની કોઈ સસ્તા અનાજની દુકાન ખાતે જથ્થો લેવા જાય છે ત્યારે



તેમને અનાજ ના બદલે નિરાશા મળશે છે. કારણ કે ગુજરાત સરકારના પુરવઠા વિભાગે મેં માસમા મેં તથા જૂનનુ વિતરણ તથા જુન માસમાં જુલાઈ તથા ઓગસ્ટનુ વિતરણ કરવાનો પરિપત્ર કર્યો છે આમ આ ચાર માસનો જથ્થો જુન અને જુલાઈ બે માસમાં આપવાનુ નક્કી કર્યું છે.

ગુજરાતના રેશનકાર્ડ ધારકોને વાજબી ભાવના દુકાનદારો જે તે મહિનો સિલેક્ટ કરીને ઉપરોક્ત પદ્ધતિ મુજબ અનાજ આપી શકે છે જ્યારે પરપ્રાંતીય રેશનકાર્ડ ધારકોને અનાજ આપવા માટે સોફ્ટવેરમા ઉપરોક્ત પદ્ધતિ લાગુ થતી નથી.

ગુજરાત રાજ્યમા હાલમાં જુન માસમાં જુલાઈ અને ઓગસ્ટ માસનુ વિતરણ ચાલે છે અને જુલાઈ અને ઓગસ્ટ માસનાં જથ્થાનુ વિતરણ જુન માસમા પૂર્ણ થઇ જવાનુ છે જેથી આ પરપ્રાંતીય રેશનકાર્ડ ધારકો જુલાઈ તથા ઓગસ્ટ માસ દરમિયાન ગુજરાતની સસ્તા અનાજની દુકાન ખાતે જથ્થો લેવા જશે ત્યારે ત્યાં જુલાઈ તથા ઓગસ્ટ માસનું વિતરણ ચાલુ ન હોવાના કારણે તેઓએ જથ્થાથી વંચિત રહેવું પડી શકે છે. આ અંગે સરકાર અને સ્થાનિક પ્રશાસન યોગ્ય વ્યવસ્થા ઊભી કરે તે ખૂબ જરૂરી અને અનિવાર્ય છે જો આગામી દિવસોમાં આ અંગે કોઈ ઝડપભેર નિર્ણય લેવામાં ન આવ્યો તો રેશનકાર્ડ ધારકોને ગણી મુશ્કેલીનો સામનો પણ કરવો પડી શકે તેમ છે.

### નાની મોટી વાતે લોહી તરસે બની જતાં લોકોઃ હત્યાની વધુ બે ઘટનાથી ચકચાર

# મોબાઈલ ફોન માટે કારીગરને કેફી પીણુ પાઈ પતાવી દીધો!

## નાસ્તો કરવાના બહાને સાથે જ કામ કરતાં બે શખ્સો લઇ ગયાઃ પોલીસે ભેદ ઉકેલી બંનેને દબોચ્યા

રાજકોટ, તા. ૧૬

હત્યાની વધુ બે ઘટનાઓ ઘટી ચુકી છે. અલગ અલગ અને નાના મોટા કારણોસર લોકો એક બીજાના લોહીના તરસ્યા થઇ જતાં હોય છે. એક બનાવમાં કારીગરને કેફી પીણુ પાઇ બાદમાં તેની હત્યા કરી લૂંટ ચલાવાઇ છે. તો બીજા કિસ્સમાં પ્રેમપ્રકરણના કારણે એક લોથ ઢળી છે.

હત્યાની પ્રથમ ઘટના જોઇએ તો સુરતના ઉધના લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલના ખુલ્લા પ્લોટમાં આ બનાવ બન્યો છે. હત્યા કરેલી મળેલી લાશનો ભેદ ઉધના પોલીસે ઉકેલી કાઢી બંને હત્યારાને પકડી પાડ્યા છે. નાસ્તો કરવાના બહાને લઇ જઇ પાણીમાં કેફી પદાર્થ પીવડાવી મોબાઇલફોન લૂંટવા માટે મારમારી હત્યા કરવામાં આવ્યાનું ખુલતાં ચકચાર મચી ગઇ છે. પોલીસ સુત્રોએ આપેલી માહિતી મુજબ ઉધના દક્ષેશ્વર મંદીર સામે આવેલી લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ રોડ નં-૧માં ખુલ્લા મેદાનમાંથી હત્યા કરેલી લાશ મળી આવી હતી.પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી.અને તપાસ શરૂ કરી હતી. મરનાર યુવક પાંડેસરા આવિર્ભાવ સોસાયટી વિભાગ-૧માં રહેતો સંતોષકુમાર ગાંધી હોવાનુ સામે આવ્યુ હતુ. પોસ્ટ મોર્ટમમાં તેને મોઢામાં માર મારવામાં આવ્યો હોવાથી મોત થયું હોવાનું પ્રાથમિક તારણ આવતા ઉધના પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ભેદ ઉકેલવા મથામણ કરી રહેલી પોલીસને કલાકોમાં સફળતા મળી હતી અને હત્યારા પુન્ના લક્ષ્મીધર શાહુ અને લુલ્લુ મંગળ સ્વાઇને પકડી પાડ્યા હતા. ઉધના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એન. દેસાઇએ જણાવ્યું હતું કે મરનાર સંતોષ અને તેના મિત્ર ક્રિષ્ના કાશીનાથ ગૌડ સંચાખાતામાં નોકરી કરતા હતા. બનાવની દિવસે બંને જણા નાઇટ શિફટમાં નોકરી પૂરી કરીને સવારે દસેક વાગ્યાના અરસામાં નાસ્તો કરવા માટે નીકળ્યા હતા.દરમિયાનમાં પુન્ના અને લલ્લુ તેમને મળ્યા હતા અને નાસ્તો કરાવવાનું કહ્યું હતું. જેથી સંતોષ અને ક્રિષ્ના તેની સાથે લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રિયલના ખુલ્લા મેદાનમાં અવાવરૂ જગ્યાએ લઇ ગયા હતા. જ્યારે પુન્નાએ વેફર અને ઠંડુ પીણું પીવડાવ્યું હતું. ઠંડા પીણામાં કેફી પદાર્થ પીવડાવી દેતા થોડીવારમાં જ સંતોષ અને ક્રિષ્નાને ઘેન ચઢ્યું હતું. ત્યારે પુન્નાએ સંતોષ પાસેથી મોબાઇલ ફોન છીનવાની કોશિશ કરી હતી.

પણ સંતોષ થોડા હોશમાં હોવાથી તેણે પ્રતિકાર કર્યો હતો. જેથી પુન્ના અને લલ્લુ ઉશ્કેરાયા હતા. અને લલ્લુએ સંતોષને પકડી રાખ્યો હતો જ્યારે પુન્નાએ તેના મોઢાના ભાગે ઢીકાપાટુનો



**બીજી ઘટનામાં પુર્વ નગરસેવકની પ્રેમ પ્રકરણના ડખ્ખામાં લોથ ઢાળી દેવાઇ**

માર માર્યો હતો. જેથી સંતોષ ત્યાંજ ફસડાઇ પડ્યો હતો. અને તેનું મોત થયું હતું. બીજી તરફ ક્રિષ્ના પણ ત્યાં જ બેભાન થઈને પડી ગયો હતો. બાદમાં આ બંને લૂંટારૂઓએ બંને પાસેના કુલ રૂ.૧૫ હજારની કિંમતના ફોન લઇ નાસી ગયા હતા. પાંચેક વાગ્યાના અરસામાં ક્રિષ્નાને હોશમાં આવતા તે લથડતી હાલતમાં તેના ઘરે ગયો હતો અને સંતોષ મેદાનમાં પડ્યો હોવાની અન્ય મિત્રને જાણ કરી હતી. ઉધના પોલીસની ટીમ બનાવીને સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં આરોપી દેખાય હતા. દરમિયાનમાં પુન્નાએ મરનાર સંતોષનો ફોન ઓન કરતા જ તે સચિન તરફ હોવાનું માલુમ પડ્યું હતું. જ્યારે પોલીસની ટીમે સર્ચ કરીને આરોપીને પકડી પાડ્યા હતા. આરોપી પુન્ના પ્લમબરનું કામ કરે છે. તે સવારે રિક્ષામાં બેસીને મજુરો ઉભા રહેતા હોય તેવા વિસ્તારમાં જઇને મજૂરને નાસ્તો કરવા માટે લલચાવે છે. જ્યારે મજૂર તેની સાથે નાસ્તો કરવા આવે ત્યારે કેફી પદાર્થમાં ઘેન યુક્ત ગોળી નાખીને તેને બેભાન કરી મોબાઇલફોન લૂંટી લેતો હતો. તેની સામે પાંડેસરા, રાંદેર, સચિન અને ઉધના પોલીસમાં ગુના નોંધાયા છે.

હત્યાની બીજી ઘટના ભાવનગરના તળાજાના મહુવાના નુતનનગર શાળા પાસે બની છે. તળાજાના વોર્ડ નં.૨ના પુર્વ નગરસેવકની પ્રમ પ્રકરણ મામલે બે શખ્સો દ્વારા ગત મોડી રાત્રે છરીના ઘા ઝિંકી હત્યા કરી દેવાના ચકચારી બનાવ બન્યો છે. તળાજા વોર્ડ નં.૨ના પૂર્વ કોંગી નગરસેવક પિસ્તાલીસ વર્ષના સુનિલભાઈ ખોડાભાઈ ચૌહાણની મહુવા નુતનનગર શાળા નં.૧૨ના ખુણા પાસે હરેશ ઉર્ફે ડામરીયો જીવણભાઈ ચૌહાણ અને કુલદીપ ઉર્ફે જીગો ભુપતભાઈ ચૌહાણએ હત્યા કરી નાંખી છે. સુનિલભાઇને ઉભા રાખી બાઈક નીચેથી પછાડી દઈ બન્નેએ સુનિલભાઈને આડેધડ છરીના ઘા ઝિંકી દઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી દીધાં હતા અને બુમાબુમ થતાં આ વિસ્તારમાં રહેતા સુંદરબેન, કાજલબેન અને કુણાલભાઈ વચ્ચે પડતા કુલદીપે કાજલબેનને જમણા હાથમાં છરી મારી દીધી હતી.

તેમજ સુંદરબેનને ઢીકાપાટુંનો માર મારવા લાગ્યા હતા અને આ દરમિયાન આજુબાજુ લોકો એકઠાં થઈ જતાં બન્ને શખ્સો ત્યાંથી નાસી છૂટયા હતા. બીજી તરફ ગંભીરરીતે ઈજાગ્રસ્ત સુનિલભાઈ ખોડાભાઈ ચૌહાણને સારવારાર્થે મહુવા હનુમંત હોસ્પિટલ અને ત્યાંથી ભાવનગર લઈ જવાઈ રહ્યાં હતા ત્યારે રસ્તામાં તેમની સ્થિતિ ખરાબ થતાં તળાજા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતા. બનાવ અંગે મૃતકના પુત્ર પ્રિન્સભાઈ સુનિલભાઈ ચૌહાણએ મહુવા પોલીસ મથકમાં હરેશ ઉર્ફે ડામરીયો જીવણભાઈ ચૌહાણ અને કુલદીપ ઉર્ફે જીગો ભુપતભાઈ ચૌહાણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે તેમના પિતા સુનિલભાઈને કાજલબેન સાથે પ્રેમસંબંધ હોય જે ઉક્ત હરેશ ઉર્ફે ડામરીયાને નહી ગમતા તેની દાઝે ઉક્ત બન્ને લોકોએ તેમના પિતાનું છરીના ઘા મારી જીવલેણ ઈજા કરી મોત નિપજાવ્યું હતું.

### છુટાછેડા થઇ ગયા બાદ બીજા લગ્ન કરનારા યુવાનને લાગી ગયો ચૂનો

# ચાર દિન કી ચાંદનીઃ લગ્નના ચોથા દિવસે જ દૂલ્હન 'છૂ'

## બે લાખ દઇ જેની સાથે પરણ્યો એ માવતરે જતી રહીઃ સોનાના દાગીના બનાવી દે તો જ પાછી આવશે તેવુ કહી ઠગાઇ આચરી

રાજકોટ તા. ૧૬

લગ્નના નામે અનેક યુવાન છેતરાઇ ચુક્યા છે. અવાર-નવાર લૂંટેરી દૂલ્હન અને તેની ટોળકીના કરતૂતો સામે આવતાં રહે છે. પરપ્રાંતની કન્યાઓને જે તે લગ્નવાંચ્છુ યુવક કે તેના પરિવારજનો પાસેથી રૂપિયા લઇ પરણાવવામાં આવતી હોય છે. પરંતુ લગ્નના એકાદ બે દિવસમાં કે પછી અઠવાડીયામાં જ લૂંટેરી દૂલ્હન રંગ બતાવી બહાનુ કરીને કે પછી જે તે વરરાજાને સુતો મુકી ઘરમાંથી રોકડ, દાગીના લઇને છુમંતર થઇ જતી હોય છે. આવી વધૂ એક ઘટનામાં યુવાન છેતરાયો છે. આ યુવાન સાથે ચાર દિન કી ચાંદની જેવું થયુ છે. બે લાખ દઇ લગ્ન કરનારા યુવાનને લગ્નના ચોથા દિવસે જ મુકીને કન્યા ભાગી ગઇ હતી અને જો લાખોના સોનાના દાગીના કરાવી આપો તો જ પાછી આવીશ એવુ કહી દેતાં યુવાનને પોતે છેતરાઇ ગયાની ખબર પડી હતી.

રાજ્યભરમાં લૂંટેરી દૂલ્હન અને તેની ટોળકીના કિસ્સા સામે આવતા રહે છે. નવી ઘટનાની વિગતો જોઇએ તો આ વખતે નડિયાદ માતરના સોખડામાં રહેતા બેતાલીસ વર્ષીય યુવક લગ્ન કરવા જતા રૂપિયા લાખની છેતરપિંડીનો ભોગ બન્યા છે. યુવકના રાજકોટના કુવાડવા રોડ પર લગ્ન કર્યા બાદ યુવતીને પિયરીયા તેડી ગયા હતા.આ બાદ યુવકને પરત આવવાનું કહેતા સોનાના દાગીના કરી આપો તો હું સાસરીમાં આવુ કહી યુવક સાથે પાંચ શખ્સોએ છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગે માતર પોલીસે ફરિયાદ નોંધી છે. માતરના સોખડામાં રહેતા મનીષ પટેલ ઉ.૪૨ પરિવાર સાથે રહી કંપનીમાં કામ કરે છે.આ દરમિયાન યુવકનું વર્ષ-૨૦૧૧માં સાબરકાંઠા જિલ્લામાં વકતાપુરા યુવતી સાથે લગ્ન થયા હતા જો કે દંપતિ વચ્ચે મનમેળ ન રહેતા વર્ષ-૨૦૧૨માં છૂટાછેડા લીધા હતા.

ત્યારબાદ ગત માર્ચ મહિનામાં યુવકના મામાએ ફોન કરી કહ્યું હતું કે તારા ઘણા વર્ષોથી છૂટાછેડા થઇ ગયા છે,તારે બીજી પત્ની લાવવી હોય તો હું તને ગોઠવણ કરી આપો કહી ગામના ટીનાભાઇના વેવાણ મીનાબેનને રહે સોનારણ જિ.સાબરકાંઠા લગ્નની વાત કરી હતી.આ બાદ યુવકે સંબંધીઓ સાથે વાત કરી લગ્નની હા પાડતા મીનાબેનએ બે યુવતીઓના ફોટા મોકલ્યા હતા. આ પછી સોળમી માર્ચની સવારે યુવક પરિવાર સાથે કાર લઇ જૂનાગઢ યુવતી જોવા ગયા હતા. ત્યાં જુનાગઢ પબ્લિક ગાર્ડનમાં જીતુભાઇ બે યુવતી લઇને આવ્યા હતા. જે બાદ એક યુવતી યુવકે પસંદ કરતા જીતુએ રૂ ૩.૭૫ લાખ થશે કહી અંતે રૂ ૧.૮૦ લાખ માં નક્કી કરી તા.૬ એપ્રિલના રોજ લગ્ન કર્યા હતા.

લગ્નના ચાર દિવસ બાદ એટલે તા ૧૦ એપ્રિલ-૨૦૨૪ના રોજ પરિવારજનો સેજલને તેડી ગયા હતા. જે બાદ યુવકે સેજલને ફોન કરી ઘરે આવવા કહેતા સોનાના દાગીના કરી આપો તો હુ આવું કહ્યું હતું. ત્યારબાદ યુવકે સેજલ, જીતુભાઇ અને મધુબેનને ફોન કરતા તેઓ સેજલને ન મોકલી ફોન બંધ કરી દીધા હતા. આમ આ શખ્સોએ લગ્ન કરવાના બહાને રૂપિયા બે લાખની છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગે મનીષ ઇશ્વરકુમાર પટેલે માતર પોલીસ મથકે જીતુભાઇ મધુબેન, સેજલબેન, કિશન રહે જૂનાગઢ અને મીનાબેન રહે સોનાસણ તા.પ્રાંતિજ સામે ફરિયાદ નોંધાવી છે.

વધુ માહિતી અનુસાર યુવતી પસંદ આવતા રૂ ૩.૭૫ લાખ થશે કહેતા યુવકે એકાદ દિવસમાં જવાબ આપવાનું કહ્યુ હતું.આ બાદ જીતુએ ફોન કરી તમારે લગ્ન કરવું છે કે કેમ પૂછતા યુવકે પૈસાની સગવડ ન હોવાનું કહ્યું હતુ.જે બાદ જીતુએ રૂ રૂ ૧.૮૦ લાખમાં લગ્ન કરવાની બાંહેધરી આપતા યુવક લગ્ન માટે તૈયાર થયા હતા. આમ લૂંટેરી દૂલ્હન અને ટોળકી વધુ એક શિકાર કરી ગઇ હતી.




**કેનેડાના વિઝાના નામે મામા-મામીનું ૨ કરોડ ૭૦ લાખનું ફુલેકૂ ફેરવનારો ભાણેજ ઝડપાયો**

બીજા એક ફ્રોડના બનાવમાં વિદેશના વિઝાના નામે મસમોટી ઠગાઇમાં પોલીસે એક શખ્સને દબોચ્યો છે. કરજણ તાલુકાના કંડારી ખાતે રહેતા મામા અને મામીને કેનેડાના વિઝા કરાવી આપવાની લાલચ આપી રૂા.૨.૭૦ કરોડ પડાવી લઈ ખોટી એર ટિકિટો મોકલી તેમજ પડાવેલા પૈસાના બદલામાં પોતાના મકાનની ટોકન પાવતી લખી આપી છતાં મકાન કે પૈસા પરત નહી આપી છેતરપિંડી કરનાર વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા ભાણિયાને આણંદની એક હોટલમાંથી પોલીસે ઝડપી પાડયો હતો. કરજણ તાલુકાના કંડારી ગામે સ્વામીનારાયણ ખડકીમાં રહેતાં દર્શન વિનોદભાઈ પંચાલ અને તેમની પત્નીને કેનેડા જવાનું હોવાથી સગા કાકાની માંજલપુર ખાતે રહેતી દીકરી દિવ્યાનીબેન ગૌરાંગભાઈ પટેલના પુત્ર ધ્રુવ સાથે સંપર્ક થતાં ધ્રુવ સાથે મોબાઈલ ઉપર થયેલી વાતચીત પ્રમાણે વિઝા મેળવવા માટેની -ોસેસ માટે મામા પાસેથી ભાણા ધ્રુવ અને ભાણી તેમજ બહેને કુલ રૂા.૨.૭૦ કરોડ પડાવી લીધા હતાં.

આ બનાવમાં ધ્રુવ ગૌરાંગકુમાર પટેલ, તેની માતા દિવ્યાનીબેન ગૌરાંગભાઈ પટેલ (રહે.સુબોધનગર સોસાયટી, માંજલપુર) તેમજ ભાણી મનાલી દીપકુમાર પટેલ (રહે. માંજલપુર) સામે ફેબ્રુઆરી માસમાં કરજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદ બાદ માસ્ટર માઇન્ડ ધ્રુવ પટેલ છેલ્લા ચાર માસથી ફરાર હતો. દરમિયાન જિલ્લાના પેરોલ ફર્લો સ્કવોડને માહિતી મળી હતી કે તે આણંદની હોટલમાં રોકાયો છે જેથી એક ટીમ આણંદ પહોંચી ગઇ હતી અને રોક ઈન હોટલ, ઈન્દિરા સ્ટેચ્યુ ચોકથી ઝડપી પાડયો હતો. પોલીસે જણાવ્યું હતુ કે ધ્રુવ સુરત, અમદાવાદ સહિત અનેક શહેરોમાં મિત્રોને મળીને હોટલમાં રોકાતો હતો. ત્યાંથી દબોચી લીધો હતો અને કાર્યવાહી કરી હતી.

---

### PCBએ આજીડેમ પાસેથી એકને પકડ્યો તેણે બીજાનું નામ દીધુ
### DCBએ મોટી ટાંકી પાસેથી બે રાજસ્થાની શખ્સોને દબોચ્યા

# PCB-DCBના દરોડાઃ દોઢ લાખના દારૂ સાથે ત્રણ પકડાયા

રાજકોટ, તા. ૧૬

વિદેશી દારૂની હેરાફેરી ડામવા પોલીસ સતત સક્રિય છે. પીસીબી, ક્રાઇમ બ્રાંચે બે દરોડા પાડી દારૂના જથ્થા સાથે સ્થાનિક અને રાજસ્થાનના શખ્સોને દબોચી લીધા છે. આ દરોડા આજીડેમ ચોકડી પાસે અને મોટી ટાંકી ચોકમાં પાડવામાં આવ્યા હતાં.



વિગતો પર નજર કરીએ તો પીસીબીની ટીમે દરોડો પાડી દારૂનો જથ્થો ભરેલી રિક્ષા સાથે એક શખ્સને પકડી લીધો હતો. જ્યારે બીજા દરોડામાં ક્રાઇમ બ્રાંચની ટીમે મોટી ટાંકી ચોકમાંથી બે રાજસ્થાની શખ્સોને ૪૪,૮૦૦ના દારૂ સાથે પકડી લીધો હતો. શહેરના આજીડેમ ચોકડી વિસ્તારમાંથી પીસીબીની ટીમે દારૂ ભરેલી રિક્ષા સાથે ભવાની ચોકમાં રહેતા શખ્સને ઝડપી દારૂ-રિક્ષા મળી રૂ.૧.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ શખ્સે પુછપરછમાં દુધસાગર રોડ પર રહેતા શખ્સનું નામ આપ્યું હતું. પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરી હેઠળ હેડકોન્સ. કિરતસિંહ, કરણભાઇ, કોન્સ. વાલજીભાઈ, સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે ભાવનગર રોડથી આજીડેમ ચોકડી તરફ આવતા રોડ પર એક શંકાસ્પદ રીક્ષા અટકાવી હતી. પોલીસે આ રીક્ષા નં. જીજે ૩ બીએકસ ૮૨૧૬માં તપાસ કરતા તેમાંથી રૂપિયા ૧.૦૫ લાખની કિંમતનો ૭૮ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના આ જથ્થા સાથે સતારશા કાદરશા સરવદી (રહે. ભવાની ચોક, ન્યુ સાગરનગર સોસાયટી શેરી નં. ૫, નંદા હોલ પાસે)ને ઝડપી લીધો હતો. તેની પૂછતાછ કરતા આ દારૂ શાહરૂખ નુરાભાઈ સરવદી (રહે. દૂધસાગર રોડ પંચાયત હોલની સામે હૈદરી ચોક મેઇન રોડ, રાજકોટ)એ આપ્યાનું કબુલતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત ક્રાઇમ બ્રાંચે બીજો દરોડો મોટી ટાંકી ચોકમાં પાડ્યો હતો. મોટી ટાંકી ચોક બસ સ્ટેન્ડ પાસેના રોડ પરથી બે શખ્સો રોડસિંગ કેસરસિંહ સોલંકી (ઉ.વ ૪૭ રહે. સેમ, ખામનોર,રાજસ્થાન) અને ભગવાનદાસ કિશનદાસ રંગસ્વામી (ઉ.વ ૩૬ રહે. જારસદરી, નાથદ્વારા, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસેથી અલગ અલગ બ્રાન્ડનો રૂપિયા ૪૪,૮૦૦ નો દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ એ. એસ. ગરચરની રાહબરી હેઠળ એએસઆઈ સમીરભાઈ શેખ, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, ધર્મરાજસિંહ રાણા, જીલુભાઇ ગરચર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે આ કામગીરી થઇ હતી.

---

# બટાઝટીની ત્રણ ઘટનાઃ પ્રેમિકા પાસે રાખડી બંધાવવાનું કહી છરી-ધોકાના ઘા

## બીજા બનાવમાં ભાઇની પત્નિને ભગાડી જવા મામલે હુમલોઃ ત્રીજામાં મશ્કરી કરવાની ના કહેતાં કેટરર્સ કર્મચારીને યુવતિએ છરી ઝીંકી દીધી

રાજકોટ, તા. ૧૬

જુદા જુદા કારણોસર બટાઝટીની ત્રણ ઘટના બની હતી. ચુનારાવાડ શેરી નં. ૨માં રહેતાં અને કારખાનામાં મજૂરી કરતાં પરાગ વિજયભાઇ બાવળીયા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાન પર રાત્રીના અગિયારેક વાગ્યે તે ઘર પાસે હતો ત્યારે બાલી, સૂરજ, ભેંસ સહિતના શખ્સોએ હુમલો કરી ઢીકાપાટુનો માર મારી તેમજ છરી, ધોકાથી ઇજા કરતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરાગે જણાવ્યું હતું કે બાલીને મારા વિસ્તારની કોઇ યુવતિ સાથે લફરૂ છે. આ યુવતિ સાથે મારે પણ લફરૂ હોવાની તે શંકા કરતો હતો. પરંતુ હકિકતે મારે એવુ કંઇ નથી. આમ છતાં બાલી સહિતનાએ રાતે મારા ઘર પાસે આવી આ બાબતે ઝઘડો કરી કહ્યું હતું કે તારે જો એની સાથે કંઇ ન હોય તો તું તેના હાથે રાખડી બંધાવી લે. મેં આવુ કરવાની ના પાડતાં બાલી સહિતનાએ ઝઘડો કરી હુમલો કર્યો હતો.હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે પરાગના આક્ષેપો અંગે તપાસ હાથ ધરી હતી.



બીજા બનાવમાં રનવા થોરાળા ટ્રેકટર ચોકમાં રહેતાં ચોવીસ વર્ષના અનિલ દિલીપભાઇ મકવાણાને રાતે બારેક વાગ્યે ઘર પાસે હતો ત્યારે આ વિસ્તારના રવિ ઉર્ફ કાગડી અને અજાણ્યાએ આવી ઝઘડો કરી છરી, ધોકાથી ઘાયલ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. અનિલે કહ્યું હતું કે મારા નાના ભાઇ સંજયની ઘરવાળીને રવિ ઉર્ફ કાગડીનો ભત્રીજો સાહિલ ભગાડી ગયો હોઇ આ બાબતે મેં તેને વાત કરી ઠપકો આપ્યો હોઇ ખાર રાખી મારા ઘર પાસે આવી હુમલો કર્યો હતો.

ત્રીજા બનાવમાઃ જામનગરમાં રહેતો અને રાજકોટમાં કેટરર્સનું કામ કરતો વીસ વર્ષનો મીત ભુપેન્દ્રભાઇ સુખડીયા માધાપર ચોકડી ઓવરબ્રીજથી બજરંગ વાડી તરફના રસ્તે હતો ત્યારે સોનાલી અને સાથેના શખ્સોએ તિક્ષ્ણ હથીયારથી માર મારી લોહીલુહાણ કરી નાખતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મીતે કહ્યું હતુ કે રાતે કેટરર્સના કામેથી જતી વખતે સાથે કામ કરતાં સોનાલી સહિતના ગાળો દઇ મારી મશ્કરી કરતાં હોઇ ના પાડતાં મારામારી કરી હતી. ગાંધીગ્રામ પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

---

# આશાપુરાનગરમાં રાજપૂતાના સાડીમાંથી પર્સ ચોરાયું

## દૂકાનદાર મહિલાનો મોબાઇલ, રોકડ, ડોક્યુમેન્ટ ગયાઃ પોલીસે ઝડપી લેવા કાર્યવાહી કરી

રાજકોટ, તા. ૧૬

ચોરીનો વધુ એક બનાવ પોલીસ ચોપડે જાહેર થયો છે. કોઠારીયા રોડ આશાપુરાનગરમાં આવેલી સાડીની દૂકાનમાંથી રોકડ, મોબાઇલ ફોન, ડોક્યુમેન્ટ સાથેનું પર્સ ચોરાઇ ગયું છે. આ બનાવમાં ભક્તિનગર પોલીસે હરિધવા રોડ પર સુખરામ સોસાયટી રાંદલ ચોક ચામુંડા નિવાસ ખાતે રહેતાં અને ઘર નજીક પટેલ ચોકમાં જય માતાજી ઓટો પાર્ટસ નામે ફોરવ્હીલ પાર્ટસની દુકાન ચલાવતાં મિતેષભાઇ દિનેશભાઇ ઇડાની ફરિયાદ પરથી એફઆઇઆરબ દાખલ કરી છે.

આ બનાવ અંગે મિતેષભાઇએ જણાવ્યું છે કે મારી બીજી દુકાન કોઠારીયા રોડ આશાપુરાનગર-૧૬/૧૭ના ખુણે છે. આ દુકાનનું નામ રાજપુતાના સાડી નામથી છે, જે દુકાન મારા મમ્મી દક્ષાબેન ચલાવે છે. મારા મમ્મીએ મને બારમીએ ફોન કરી કહેલુ કે આપણી રાજપૂતાના સાડીની દૂકાનમાંથી મારુ પર્સ ચોરાઇ ગયું છે. જેમાં મારો મોબાઇઇલ ફોન રૂા. ૧૫૪૯૦નો તથા જરૂરી ડોક્યુમેન્ટ અને રોકડા બે હર હતાં. મેં ગૂમ થયેલા ફોનમાં નંબર ડાયલ કરતાં તે સ્વીચ ઓફ હતો. શોધખોળ બાદ અમે પોલીસને જાણ કરી હતી. હેડકોન્સ. પી. એન. ગોહિલે ફરિયાદ દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

---

### અચાનક જિંદગીની સફર ખતમ થઇ જવાની વધુ ચાર ઘટના આપી ગઇ આઘાત

# યુવાન અને મહિલાનો જીવ આગમાં હોમાયો : એક યુવાનનું ઝેરથી મોત

## શાપરમાં બોઇલર ફાટતાં ભભૂકેલી આગ સંચાલક યુવાનનું મોત થયું હતુંઃ સારવારમાં રહેલા કારીગરે દમ તોડતાં મૃત્યુઆંક બે થયોઃ પ્રૌઢને તેનું હૃદય દગો આપી ગયું

રાજકોટ, તા. ૧૬

અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલો નિત્યક્રમ મુજબ આગળ વધ્યો હતો. અપમૃત્યુની ઘટનામાં એક યુવાન અને એક મહિલા આગનો શિકાર બની ગયા હતાં. એક યુવાને ઝેર પીને આપઘાત કરી લીધો હતો. તો એક પ્રોંઢનું હૃદય તેને દગો દઇ જતાં તેમની જિંદગી ખતમ થઇ ગઇ હતી.

કરૂણ ઘટનાઓ પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના શાપર વેરાવળ ગામથી આગળ ગોલ્ડન ગેઇટ-૨માં આવેલી ડાઇ કાસ્ટીંગની ફેક્ટરીમાં રાતે બોઇલર ફાટતાં આગ ભભૂકતાં ફેક્ટરી સંચાલક રાજકોટ રહેતાં સત્યાવીસ વર્ષના યુવાનનું મોત નિપજ્યું હતું. આ ઘટનામાં જે તે દિવસે દાઝી ગયેલા ત્રણ પૈકી એક ઉત્તરપ્રદેશના કારીગરે પણ સારવાર દરમિયાન અીતમ શ્વાસ લઇ લેતાં આ ઘટનામાં મૃત્યુઆંક બે થયો છે. શાપરથી આળગ ગોલ્ડન ગેઇટ-૨માં આવેલી પ્રિસીઝન એલોયકાસ્ટ નામની ફેક્ટરીમાં નવમીતારીખે રાતે રાતપાળીમાં કારીગરો ડાઇ કાસ્ટીંગનું કામ કરી રહ્યા હતાં. આ વખતે બોઇલરમાં ઓઇલ લીકેજને કારણે કે અન્ય કારણોસર આગ ભભૂકતાં અને બોઇલર ફાટતાં કર્મચારી મુળ યુપીનો હાલ શાપર રહેતો ત્રેવીસ વર્ષના પ્રદ્યુમન રામકુવાલ રજપૂત લપેટમાં આવી જતાં દાઝી ગયો હતો.

આ ઉપરાંત તેની સાથે આ ફેક્ટરીના સંચાલક-ભાગીદાર રાજકોટ મોરબી રોડ શિવમ્ પાર્કમાં રહેતાં સત્યાવીસ વર્ષીય ભરતભાઇ ધીરૂભાઇ કાકડીયા તેમજ તેના ભાઇ જયેશભાઇ ધીરૂભાઇ કાકડીયા અને ભાગીદાર પિયુષભાઇ ગોરધનભાઇ પીપળીયા પણ દાઝી ગયા હતાં. ચારેયને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જેમાં ફેક્ટરી સંચાલક ભરતભાઇ કાકડીયાનું ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તેમના ભાઇ જયેશભાઇને પ્રાથમિક સારવાર અપાઇ હતી. જ્યારે ભાગીદાર પિયુષભાઇ પીપળીયાને દાખલ કરાયા હતાં. તેમજ કારીગર યુપીના પ્રદ્યુમન રજપૂતને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેનું મોત થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. પ્રદ્યુમન બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતાં. શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.



બીજી ઘટનામાં અમરેલીના કુંકાવાવના દેવડકી ગામે રહેતાં ચોપન વર્ષના જયાબેન મનજીભાઇ સોંદરવા નામના મહિલાનું દાઝી જતાં મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. દેવડકી રહેતાં જયાબેન ગત નવમી તારીખે સવારે દાઝી જતાં અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મૃત્યુ થઇ જતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, હેડકોન્સ. મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, પ્રશાંતભાઇએ વડીયા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જયાબેનને સંતાનમાં પાંચ પુત્રી છે. પતિ મજુરી કરે છે. ગેસ પર ચા બનાવતી વખતે તેઓ દાઝી ગયાનું સગાએ જણાવ્યું હતું. ઘટનાને પગલે પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

ત્રીજા બનાવમાં રાજકોટ શહેરના કેવડાવાડી પાસે લલુડી વોંકળી નજીક રહેતાં પ્રૌઢે ઝેરી દવા પી જિંદગીથી છેડો ફાડી લીધો હતો. કેનાલ રોડ લલુડી વોંકળી વિસ્તારમાં રહેતા રાજુભાઈ લાલજીભાઈ ગોહેલ નામના પ્રૌઢે ઝેરી દવા પી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, મહેશભાઇ, પ્રશાંતભાઇ, ધર્મેન્દ્રભાઇ અને શક્તિસિંહે જાણ કરતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના . હેડ કોન્સ્ટેબલ પી. એન. ગોહિલે જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરી લેનારા રાજુભાઈ ગોહેલના લગ્ન થયા નહોતાં. તે માતા-પિતાના એકના એક સંતાન હતા. અગાઉ તે મજૂરી કામ કરી પોતાનું ગુજરાત ચલાવતા હતા. પરંતુ છેલ્લા બે વર્ષથી તેઓ કેન્સર, કિડની, મગજની બીમારીથી પીડાતા હતા તેમજ એકલવાયુ જીવન જીવતા હોઇ જેનાથી કંટાળી જઇ તેમણે આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

તો અપમૃત્યુની ચોથી ઘટનામાં હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યો હતો. કાલાવડ રોડ જીવરાજ પાર્ક પાસે લક્ષ્મણ ટાઉનશિપમાં રહેતા એકાવન વર્ષના નેપાળી પ્રૌઢ ભરતસિંગ બહાદુર સોની શનિવારે વહેલી સવારના ચારેક વાગ્યા આસપાસ ઘરે બેભાન થઈ જતા તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભોજભાઈ મોભે જરૂરી કાર્યવાહી કરી હતી. નેપાળી પ્રૌઢ બે ભાઈમાં મોટા હતા તેમને સંતાનમાં ગૌતમ અને દિપક નામના બે પુત્ર છે. પ્રૌઢ મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મોતનું ચોક્કસ કારણ જાણવા તબિબે વિસેરા લઇ પરિક્ષણ માટે મોકલ્યા હતાં. આમ અપમૃત્યુની ચાર ઘટના તેમના સ્વજનોને કારમો આઘાત આપી ગઇ હતી.

### ભગવતીપરા સુખસાગર સોસાયટીના ડ્રાઇવીંગ સ્કૂલના સંચાલક યુવાનને પડોશી ઇમ્તિયાઝ, તેના ભાઇ સહિતને ધમકાવી સમાજ વિશ જેમ તેમ કહ્યું

# ગૂડાગીરીઃ કાચ કોણે ફોડ્યા એ નહિ કહો તો જોયા જેવી થશે!

## મુસ્લિમ શખ્સની કારના કાચ કોઇએ ફોડી નાંખ્યા હોઇ શંકા રાખી ધમાલ મચાવીઃ પોલીસ પહોંચી જતાં એક પકડાયો, ત્રણની શોધખોળ

રાજકોટ તા. ૧૬

લુખ્ખાગીરી, ગુંડાગીરીની ઘટનાઓ શાંત શહેર ગણાતા રાજકોટમાં અવાર- નવાર બની જાય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં ભગવતીપરાની અંબિકા સોસાયટીમાં રહેતાં બે ભાઇઓની ગાડીના કાચ કોઇએ ફોડી નાંખ્યા હોઇ આ બંને ભાઇઓ, એકની પત્નિ સહિતનાએ સુખસાગર સોસાયટીમાં રહેતાં યુવાનના ઘરે જઇ 'અમારી ગાડીના કાચ તમારા સમાજના જ કોઇએ ફોડ્યા છે, તેને સવાર સુધીમાં હાજર કરી દો નહિતર તમને કોઇને અહિ રહેવા નહિ દઇએ, તમારે જવાબ દેવો છે કે આજે તમારો હિસાબ કરી નાંખીએ' કહી ધમાલ મચાવી ધમકીઓ આપી હતી તેમજ સમગ્ર સમાજ વિશે અભદ્ર ટીપ્પણી કરતાં પોલીસે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

આ શખ્સોએ ડ્રાઇવીંગ સ્કૂલના સંચાલક તેમજ તેના પડોશમાં રહેતાં એક પરિણીતા કુતરાથી ડરીને ઘર તરફ ભાગતાં તેણી કાચ ફોડવા વિશે કંઇક જાણતી હોવાની શંકા કરી તેને પણ ધમકી આપતાં અને બટાઝટી બોલાવતાં પોલીસે એક શખ્સને પકડી લઇ બીજા આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ભગવતીપરા મેઇન રોડ સુખસાગર સોસાયટી-પમાં દિલીપભાઇ વાઘેલાના મકાનમાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના ચિરાગભાઇ દલાભાઇ વાઘેલાની ફરિયાદ પરથી ભગવતીપરા અંબીકા પાર્ક-૧માં રહેતાં ઇમ્તિયાઝ ઇબ્રાહીમભાઇ મુકાસરા, ઇમ્તિયાઝના પત્નિ અને તેના નાના ભાઇ જાહિદ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ચિરાગભાઇ વાઘેલા કેસરી પૂલ પાસે લક્ષ્મી ડ્રાઇવીંગ સ્કૂલ નામે ઓફિસ ધરાવે છે અને ડ્રાઇવીંગ શીખવવાનું કામ કરે છે. તે પરિવાર સાથે રહે છે. તેની સાથે માતા, પિતા પણ રહે છે અને તે આરએમસીમાં સફાઇ કામદાર છે. નાનો ભાઇ ડ્રાઇવીંગ કરે છે. સંતાનમાં એક પુત્ર છે.



આ ઘટના વિશે ચિરાગભાઇએ જણાવ્યું હતું કે અમારી બાજુમાં જ ઇમ્તિયાઝ મુકાસરા તેના પરિવાર સાથે રહે છે. તેના નાના ભાઇનું નામ જાહિદ છે જે અલગ તેના પરિવાર સાથે રહે છે. શનિવારે રાતે બારેક વાગ્યે વિસ્તારમાં લાઇટ ન હોઇ જેથી હું અને મારા પરિવારના સભ્યો ઘર બહાર બેઠા હતાં. આ વખતે સવા બારેક વાગ્યે બાજુની અંબીકા પાર્ક સોસાયટીમાં રહેતો ઇમ્તિયાઝ, તેની પત્નિ અને ભાઇ તથા એક સ્ત્રી એમ બધા મારા ઘર પાસે આવ્યા હતાં. આ બંને ભાઇઓ ઇમ્તિયાઝ અને જાહિદે મને કહેલું કે-મારી ગાડી તમારા ઘર નજીક પડી હતી તેનો કાચ તમારા જ સમાજના કોઇએ તોડી નાંખ્યો છે. જેથી મેં કહેલુ કે-અમને આ બાબતની કંઇ ખબર નથી, જો તમને આની કંઇ માહિતી હોય તો જણાવો, અમારા સમાજનો કોઇ હશે તો અમે તેને લઇ આવશું. આમ કહેતાં જાહિદે મને ધમકી આપી હતી કે તારો બાપ તમારા સમાજનો આગેવાન છે, હું કઇ જાણુ નહિ, ગતે ત્યાંથી ગોતીને હાજર કરો નહિતર તમને લોકોને અહિ રહેવા દઇશું નહિ.

તેમજ તેણે જોર જોરથી ગાળો દીધી હતી અને અમારા સમાજ વિશે અભદ્ર ટીપ્પણી કરી હતી. તેમજ કહ્યું હતું કે જો ગાડીનો કાચ તોડનારો સવાર સુધીમાં હાજર નહિ થાય તો તમારા મકાન ખાલી કરાવી નાખશું. આમ કરી ફરી ગાળો દીધી હતી. દેકારો થતાં બીજા પડોશીઓ અમરશીભાઇ, શનિભાઇ, પ્રકાશભાઇ, ગિરીશભાઇ, સુરેશભાઇ, રાહુલભાઇ, રવજીભાઇ, લાલાભાઇ, સાગરભાઇ, મયુરભાઇ, ભૂપતભાઇ, વિશાલભાઇ, કયુમભાઇ સહિતના ભેગા થઇ ગયા હતાં. આથી ઇમ્તિયાઝ, તેનો ભાઇ જાહીદ સહિતના નીકળી ગયા હતાં. આ વખતે અમારી સામેની શેરીમાં રહેતાં મોનીકાબેન રાહુલભાઇ ચૌહાણ શેરીમાં રખડતાં કૂતરાથી ડરીને તેના ઘરે જતાં રહેતાં ઇમ્તિયાઝને લાગ્યું હતું કે મોનીકાબેન કંઇક જાણે છે. આથી તેણીની પાસે જઇ-તું કંઇક જાણે છે, કોણે મારી ગાડીના કાચ તોડ્યા તે કહી દે નહિ તો જોવા જેવી થશે. તેમ કહી તેણીને પણ ગાળો દઇ ઝપાઝપી કરી હતી.

આ દરમિયાન અમે પોલીસને ફોન કરી દીધો હતો. એ દરમિયાન થોડી જ મિનીટોમાં ઇમ્તિયાઝ, તેનો ભાઇ સહિતના પાઇપ સાથે ધસી આવ્યા હતાં અને 'તમારે જાવબ આપવો છે કે આજે તમારો હિસાબ કરી દઇએ?' તેમ કહી ફરી ધમકી આપી હતી. ત્યાં પોલીસ આવી જતાં આ બધા ભાગવા માંડ્યા હતાં. જેમાં ઇમ્તિયાઝને પોલીસે પકડી લીધો હતો. ઇમ્તિયાઝની ગાડીનો કાચ કોણે ફોડ્યો તેની અમને જાણ ન હોવા છતાં તેના સહિતનાએ અમને ગાળો દઇ, અમારા સમાજ વિશે ટીપ્પણી કરી મકાન ખાલી કરાવવા સહિતની ધમકીઓ દીધી હતી. તેમજ પડોશી મોનીકાબેનને પણ ગાળો ભાંડી ધમકી દીધી હતી. તેમ વધુમાં ચીરાગભાઇએ કહેતાં પોલીસ ઇન્સ્પેકટર એસ. એસ. રાણે, હીરાભાઇ રબારી સહિતે ધમકી, એટ્રોસીટી સહિતની કલમો હેઠળ કાર્યવાહી કરી હતી.

# કેવડાવાડીમાં ફ્લેટમાં હાથફેરો કરનાર મુંબઇના રીઢા ચોર શફીને ક્રાઇમ બ્રાંચે દબોચ્યો

### કેવડાવાડીમાં એક કલાક રેઢા રહેલા ફ્લેટમાંથી બે લાખની માલમત્તા ચોરાઇ ગઇ હતીઃ પીએસઆઇ એસ. વી. ચુડાસમા અને ટીમને સફળતા






રાજકોટ તા. ૧૬

ઘરફોડ ચોરીનો વધુ એક ભેદ ઉકેલાયો છે. શહેરની કેવડાવાડીમાં ગયા મંગળવારે દસમી તારીખે ધોળે દિવસે એકાદ કલાક માટે રેઢા પડેલા ફ્લેટમાં ત્રાટકી ચોર રોકડ, દાગીના મળી રૂપિયા એક લાખ છન્નુ હજાર આઠસોની માલમત્તા ચોરી ગયું હતું. આ અંગે ભક્તિનગર પોલીસે કેવડાવાડી-૧૭ના ખુણે સૂર્યમુખી હનુમાનજી મંદિરની સામે શ્રીહેરીટેજ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૮માં ત્રીજા માળે રહેતાં દેવાંશીબેન સાગરભાઇ સોનીની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ગુનાનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી મુંબઇના રીઢા તસ્કર શફી અબ્દુલભાઇ શેખને ઝડપી લઇ ૧,૬૮,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અડતાલીસ વર્ષનો આ શખ્સ ધુંઘટનગર, કાપ તળાવ વિસ્તાર, કોટર ગેઇટ મસ્જીદ પાસે ભીવંડી મુંબઇ ખાતે રહે છે અને મુળ પુને કોડવા ઓલીયા મસ્જીદ પાસેનો વતની છે. આ તસ્કર જ્યાં બંધ મકાન ભાળે ત્યાં ચોરીઓ કરવાની ટેવ ધરાવે છે.

ચોરીની આ ઘટનામાં દેવાંગીબેનના સાસુ સસરા દસમીએ દવા લેવા ગયા હતાં, પતિ બહારગામ હતાં. પોતે સવારે સાડા અગિયારેક વાગ્યે દિકરાને શાળાએ તેડવા ગયા હતાં. એકાદ કલાકમાં પરત આવ્યા ત્યારે ચોરી થઇ ગઇ હતી. આ ગુનાનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલ્યો છે. આ ચોરીમાં ભીવંડીનો શખ્સ સંડોવાયેલો હોવાની પાક્કી માહિતી મળતાં પગેરૂદબાવી ભીવંડીથી શફી શેખને દબોચી લેવાયો હતો. પોલીસે તપાસ કરતાં તેના વિરૂધ્ધ મુંબઇમાં પણ ચોરીના અનેક ગુના નોંધાયાનું ખુલ્યું હતું. આ શખ્સ જ્યાં તાળાબંધ મકાન જોવે ત્યાં તાળા તોડી ચોરી કરવાની આદત ધરાવે છે. દસમીએ તે રાજકોટમાં હોઇ કેવડાવાડીમાં બંધ ફ્લેટમા ત્રાટકી ગયો હતો. પોલીસે સોનાની વીંટીઓ, ચેઇન, લક્કી, કાનના બુટીયા, પેડન્લ, નાકની ચુંક, મંગળસુત્ર, રોકડા, મોબાઇલ ફોન મળી ૧,૬૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એ. એન. પરમાર, એમ. કે. મોવલીયા, વી. ડી. ડોડીયા, એએસઆઇ વિજયભાઇ સોઢા, વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. કિશનભાઇ પાંભર, હરસુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, જયદેવસિંહ પરમાર, અર્જુનભાઇ ડવ, પ્રદિપસિંહ જાડેજા, પ્રતિકસિંહ રાઠોડ, રાજેશભાળ જળુ, જયરાજભાઇ કોટીલા, દિલીપભાઇ બોરીચા, દિપકભાઇ ચૌહાણ, કોન્સ. સંજયભાઇ, તુલસીભાઇ, કરણભાઇ, અર્જુનભાઇ, પોપટભાઇ, મહાવીરસિંહ, અરવિંદભાઇ, સુભાષભાઇ સહિતે કામગીરી કરી હતી. ઝડપાયેલો શફી બંધ મકાનોમાં ચોરી કરવાની અને મોજશોખમાં પૈસા ઉડાવવાની આદત ધરાવે છે. તેની વધુ પુછતાછ ભક્તિનગર પોલીસ કરશે.

### રાજ્યમાં કાયદા વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિનો વધુ એક પુરાવો આપતી ઘટના

# પોલીસ ઇન્સ્પેક્ટરના માતા-પિતાની હત્યા કરી લૂંટ

### લૂંટારાઓએ સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઇ એ. વી. પટેલના માતા-પિતાને રહેંસી નાંખી દાગીના લૂંટ્યાઃ રાજ્યભરમાં ખળભળાટ

રાજકોટ તા. ૧૬

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને પડકાર ફેંકતી અનેક ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. દરમિયાન એક લૂંટ-મર્ડરની ઘટનાએ રાજ્યભરમાં ચકચાર જગાવી દીધી છે. ક્રુર હત્યારા, લૂંટારાઓએ રાજ્યના સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી)ના પોલીસ ઇન્સ્પેક્ટરના વૃધ્ધ માતા-પિતાનુ અત્યંત ક્રુરતાથી રહેંસી નાંખી સોનાના કડલા સહિતની લૂંટ ચલાવી છે. આ ઘટનાની રાજ્યભરની પોલીસને જાણ કરવામાં આવી છે.

ચકચાર અને ખળભળાટ મચાવતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા પોલીસઇન્સ્પેક્ટરનાં વૃદ્ઘ માતા-પિતાની ગત રાત્રે લૂંટારાઓ દ્વારા નિર્મમ હત્યાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. લૂંટારાઓ એટલા ક્રૂર હતા કે બંનેના ચહેરા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ચીરી નાખ્યાં હતાં તેમજ વૃદ્ઘાએ પગમાં કડલાં પહેર્યાં હતાં. કડલાં લૂંટવા માટે પગમાંથી બહાર કાઢવાને બદલે તેમના પગ જ કાપી નાખ્યા હતા અને એ લઇ ફરાર થઇ ગયા હતા. પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટર અજમલ વી. પટેલ-ચૌધરીનાં માતા હોશીબેન અને પિતા વરધાજી ચૌધરી વતન બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામે રહેતાં હતાં. આ બંને પોતાના ઘરના ફળીયામાં સુતા હતાં ત્યારે બંનેને મોતને ઘાટ ઉતારી લૂંટ ચલાવાઇ હતી.

વધુ માહિતી અનુસાર સવારે જ્યારે તેમના ખેતરમાં કામ કરતો ભાગીદાર તેમના ઘરે પહોંચ્યો તો ઘરના આંગણામાં ખાટલામાં બંનેના મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળ્યા હતા, જેથી તેણે આ અંગે બધાને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જિલ્લા પોલીસવડા સહિતના પોલીસકર્મીઓ, ડૉગ-સ્ક્વૉડ, એફએસએલની ટીમ ઘટનાસ્થળે તપાસ માટે પહોંચી હતી. બનાસકાંઠાના એસ.પી. અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે આગથળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા જસરા ગામે આવેલા સીમાડામાં ડબલ મર્ડરની







**ક્રુરતા તો જુઓ...વૃધ્ધાના પગના કડલા ન નીકળતાં પગ જ કાપી નાંખ્યા!**

ઘટના સામે આવી છે. આ બનાવમાં વરધાજી મોતીજી પટેલ અને તેમનાં પત્નિની હત્યા કરવામાં આવી છે. વરધાજીના પુત્ર પોલીસ ઈન્સ્પેક્ટર છે. મર્ડરમાં પ્રાથમિક વિગત એવી મળી છે કે લૂંટારા પીઆઇના વૃધ્ધ માતાના પગ કાપી કડલાં કાપી લૂંટી ગયા છે. તેમજ કાનની બુટીઓ પણ કાપીને લઈ ગયા છે તથા ઘરમાં તિજોરી પણ તોડવામાં આવી છે અને લૂંટ ચલાવાઇ છે.

ચોંકાવનારી આ ઘટનાની વિશેષ વિગતો જણાવતાં એસપી અક્ષયરાજ મકવાણાએ કહ્યું હતું કે પ્રાથમિક દ્દષ્ટિએ એવું માની શકાય કે જે ઈસમો આવેલા હતા તેમને ચોરી અને લૂંટના આશયથી આ ઘટનાને અંજામ આપ્યો છે. અમે આ મામલે અલગ અલગ મોડસ ઓપેરન્ડીથી કામ કરી રહ્યા છીએ કે આ પ્રકારના અંજામ કેવા પ્રકારના લોકો આપતા હોય છે. એવી કોઈ ગેંગ છે? જે કોઈ વિસ્તારમાંથી આવીને અંજામ આપતી હોય છે. એના પર કામ કરી રહ્યા છીએ. એફએસએલ અને ડોગ-સ્ક્વોડની ટીમ તપાસ કરી રહી છે.

ઘટના સ્થળે સૌપ્રથમ જનાર વ્યક્તિ જસરા ગામના સરપંચ મહેશભાઈ દવેએ કહ્યુ કે ગામમાં જે સૌથી પહેલાં હું જ અહિંયા સાત વાગ્યે પહોચ્યો હતો. આ જોતા જ એસપી સાહેબને અને અરથાળાના પીઆઈને પણ જાણ કરી. ડીજી સાહેબ અને એસએસસીના વડા નિર્લિપ્ત રાય સાથે પણ મારી વાત થઈ અને સમગ્ર ઘટનાની વિગત આપી હતી. બનાસકાંઠા એસપી ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. પોલીસે ટીમો બનાવીને અલગ અલગ એંગલથી લૂંટ કે અન્ય ઈરાદાની તપાસ કરવામાં આવી રહી છે. એમના પુત્ર એ.વી.પટેલ વતનમાં આવી પહોંચ્યા છે. બંનેના પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવશે. વરધાજી મોતીજી ચૌધરી પટેલ અને તેમના પત્નિ હોશીજી વરધાજી ચૌધરી પટેલ કે જેની ઉંમર સાંઇઠથી પાસઠ વર્ષની હશે. રાત્રે અજાણ્યા શખ્સોએ મોઢાના ભાગે કાપીને અને પગ કાપીને ઘરેણાંઓની ચોરી કરી છે. ઘરમાં બધુ વેરવિખેર હતું, તિજોરીઓ ખૂલી હતી. તેમના પુત્ર એસએમસી વિઝિલન્સમાં પીઆઈની નોકરી કરે છે. એમની દીકરી શિક્ષિકાની નોકરી કરે છે. આ ઘટનાથી રાજયભરમાં ચકચાર મચી ગઇ છે. ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી છે.

આ ઘટનાની વિગતો આપતાં સ્થાનીક કોંગ્રેસ નેતા ભેમાભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે જસરા ગામમાં હચમચાવતી ઘટનાના સામાચાર આવ્યા છે. હું બહાર હોવાથી ગામના કેટલાક મિત્રોના ફોન આવ્યા કે ગામની અંદર આ ઘટના બની છે. એક ખેડૂત ચૌધરી પરિવાર, બંને રાત્રિના સુમારે ઘરના ફળિયામાં સૂતેલાં હતાં ત્યારે રાત્રે અજાણ્યા શખસોએ આવીને વરધાજીને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરેલો છે. તેમનાં ધર્મપત્નીના બે પગ પણ કાપવામાં આવ્યા છે, બંનેની ક્રૂર હત્યા કરી છે. જે પણ નાલાયકો હોય આવા શખસોને પકડીને તાત્કાલિક ગામ વચ્ચે આ લોકોને ફાંસી આપવી જોઈએ. સમગ્ર પંથકમાં આ ઘટનાને કારણે હાહાકાર મચી ગયો છે.

### કુવાડવાની વિચીત્ર ઘટનાઃ છોકરી સાથે ઘરાર વાત કરવાનું કહી માથાકુટ કરી ધમકી આપી ડખ્ખો કરાયો!

# યુવતી સાથે વાત ન કરતો હોય યુવાનને ધોકાવ્યો

### કુવાડવાનો હોટલ સંચાલક સારવાર હેઠળઃ કુવાડવા રોડ પોલીસે બામણબોરના શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી

રાજકોટ, તા. ૧૬

માથાકુટ, મારામારી, ધમકીની અન્ય એક ઘટનામાં કુવાડવા રહેતાં હોટલ સંચાલક યુવાનને તે ગામની જ એક છોકરી સાથે વાત કરતો ન હોઇ આ છોકરીનું ઉપરાણુ લઇ બામણબોરના શખ્સે તું કેમ તારા ગામની છોકરી સાથે વાત નથી કરતો? કહી ગાળો દીધા બાદ સાંજે આ શખ્સ સહિત ચાર જણાએ હોટલ સંચાલક યુવાન પર પાઇપથી હીચકારો હુમલો કરી તેમજ મોઢા પર કડાથી માર મારી લોહીલુહાણ કરી નાંખતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. માથે જતાં તેને ધમકી પણ અપાઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો કુવાડવા ગામમાં રાધે હોટલ પાછળ રહેતાં ઉમંગ સુરેશભાઇ બાહુકીયા પર વાંકાનેર ચોકડીએ હુમલો કરવામાં આવતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. ઉમંગ બાહુકીયા પરિવાર સાથે રહે છે અને રાંગણીમા ટી-સ્ટોલ નામે હોટલ ચલાવે છે. તે બેભાઇમાં નાનો છે. તેની ફરિયાદ પરથી પોલીસે બામણબોરના અનિલ ગમારા, નિલેષ ગમારા અને બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે. ઉમંગે વધુમાં કહ્યુ હતું કે રવિવારે બપોરે સાડા ત્રણેક વાગ્યે મને બામણબોરના અનિલ ગમારાએ ફોન કર્યો હતો અને તું કુવાડવાની છોકરી સાથે કેમ વાત કરતો નથી? તેમ કહી મને ગાળો દીધી હતી. જેથી મેં મારા મોટા બાપુ જયંતિભાઇના દિકરા સચીનને આ વાત કરી હતી.



આ પછી સચીને અનિલના કાકા અજીતભાઇ ગમારાને ફોન કર્યો હતો અને વાત કરી હતી. જેથી અજીતભાઇએ કહેલું કે હવે પછી અનિલ ઉમંગને ફોન નહિ કરે. ત્યારબાદ સાંજે સાઠા આઠેક વાગ્યે હું મારા મિત્ર રાયધન સાથે વાંકાને ચોકડીએ ગયો હતો. ત્યાંથી હુ મિત્રની સ્કોર્પિયોમાં બેસવા જતો હતો ત્યારે જ બે બાઇક પર અનિલ, નિલેષ, બે અજાણ્યા હાથમાં લોખંડના પાઇપ સાથે આવ્યા હતાં અને મારી સાથે ઝઘડો કરી ગાળો દીધી હતી. બાદમાં અનિલે પાઇપથી હુમલો કરી જમણા પગ,માં માર માર્યો હતો. એ પછી નિલેષ અને બે અજાણ્યાએ પણ મને પાઇપના ઘા મારતાં હાથ, પગ, વાંસામાં ઇજા થઇ હતી. આ પછી ચારમાંથી કોઇએ મને છાતી, હોઠના ભાગે હાથમાં પહેરવાના કડાથી માર માર્યો હતો.

માથાકુટને પગલે બુમાબુમ થઇ જતાં લોકો ભેગા થઇ જતાં આ ચારેય ભાગી ગયા હતાં. મેં મારા ભાઇને ફોન કરતાં તે મને કુવાડવા આરોગ્ય કેન્દ્રમાં લઇ ગયો હતો. ત્યાંથી અમને વધુ સારવાર માટે રાજકોટ જવા કહેવાયું હતું. આ બનાવનું કારણ એ છે કે એક છોકરી સાથે મારે વાત કરવી ન હોવા છતાં અનિલે તેણીનું ઉપરાણું લઇ મને ફોન કરી તું શું કામ છોકરી સાથે વાત કરતો નથી તેમ કહી ગાળો દેતાં આ અંગે તેના કાકાને ફરિયાદ કરતાં ખાર રાખી હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવાના હેડકોન્સ. અલ્પેશભાઇ અવાડીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા ઉમંગે કહ્યું હતું કે મારે છોકરી સાથે વાત કરવી નથી આમ છતાં મને તેની સાથે વાત કરવાનું કહી હેરાન કરવામાં આવતો હતો. પોલીસે આરોપીઓને શોધી કાઢવા વિશેષ તપાસ શરૂ કરી હતી.

# સ્વ. વિજયભાઈ રૂપાણીનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન



## રાજમાર્ગો પર નિકળેલી અંતિમયાત્રામાં રાજકોટના સંવેદનશીલ જનનાયકને લોકોની અશ્રુભીની વિદાય : રાજકીય ક્ષેત્રના ટોચના આગેવાનો રહ્યા હાજર

રાજકોટ, તા. ૧૬

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને ગઈકાલે રાજકોટ ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. સ્વ. વિજયભાઈના પાર્થિવ દેહને અમદાવાદથી હવાઈમાર્ગે રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ લાવવામાં આવ્યો હતો. ત્યાંથી તેમના પાર્થિવ દેહને સડક માર્ગે ઘરે લઈ જવાયો ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી ખાતેથી મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ જોડાયા હતા. આ યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ, ત્યારે અનેક લોકોએ રાજકોટના પનોતા પુત્ર અને સંવેદનશીલ જનનાયકને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. બાદમાં સ્વ. વિજયભાઈના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે તેમના નિવાસ સ્થાન ''પુજીત'' ખાતે રાખવામાં આવ્યો હતો. અહીં અનેક મહાનુભાવો, જૈનાચાર્યો, ધાર્મિક, સામાજિક અગ્રણીઓ, સ્વજનોએ તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

બાદમાં સ્વ. વિજયભાઈના પાર્થિવ દેહને પૂરા રાજકીય સન્માન અને પોલીસ બેન્ડ સાથે પ્રકાશ સોસાયટીમાં આવેલા ધ્યાનશંકર મહાદેવના મંદિરના પ્રાંગણમાં લાવવામાં આવ્યો હતો. અહીં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. બાદમાં કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબહેન બાબરીયા, વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, સાંસદો સર્વ પરશોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, પૂનમબહેન માડમ, વિનોદ ચાવડા, રાજ્યના વિવિધ ધારાસભ્યઓ, અગ્રણી ડો. ભરત બોઘરા સહિતના મહાનુભાવોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. ઉપરાંત મોટી સંખ્યામાં આવેલા શહેરના રાજકીય, સામાજિક અગ્રણીઓ, નગરજનોએ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.





